નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :13 MARCH 2025 | THURSDAY | Page :8 | Year : 2 | Issue :288 | Price: 2/-






# આજે પાંચ જિલ્લામાં ગરમીનું યલો એલર્ટ

## 42.1 ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ શહેર

**રાજ્યમાં ૯ જિલ્લાઓમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો**

**આશીક આંશિક રાહત મળવાની શક્યતા**

અમદાવાદઃ રાજ્યમાં છેલ્લા ચાર દિવસથી ગરમીએ તાંડવ મચાવ્યું છે. મોટાભાગના શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી રહ્યો છે. હવામાન વિભાગે આજે (૧૩ માર્ચે) અમદાવાદ, ગાંધીનગર, કચ્છ, પોરબંદર અને સુરેન્દ્રનગર જિલ્લામાં હીટવેવની આગાહી કરી છે. બુધવારે (૧૨ માર્ચે) રાજ્યમાં ૯ જિલ્લાઓમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો હતો. ૪૨.૧ ડિગ્રી તાપમાન સાથે રાજકોટ સૌથી ગરમ શહેર રહ્યું હતું. હવામાન વિભાગના મતે આવતીકાલથી ગરમીમાં આંશિક રાહત મળી શકે છે. રાજકોટ શહેર-જિલ્લામાં ઉનાળાનાં પ્રારંભે ભારે ગરમીને લઈ લોકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. ત્યારે આગામી ૨ દિવસ હજુ પણ તાપમાનનો પારો વધવાની શક્યતા હોય રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તાપમાનનો પારો વધતા જિલ્લા આરોગ્ય વિભાગ પણ સતર્ક બન્યું છે. તેમજ શાળાઓનાં ગ્રાઉન્ડમાં શેડ બાંધવા અને ઘછ્જ કોર્નર ઉભા કરવા અને પાણીની વ્યવસ્થા કરવા ઉપરાંત લોકોને પણ જરૂરી કામ સિવાય બપોરનાં સમયે ઘરની બહાર ન જવા જિલ્લાનાં આરોગ્ય અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે. તો સાથે જ હીટ સ્ટ્રોક જેવા લક્ષણો જણાય તો તાત્કાલીક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા જણાવ્યું છે.રાજકોટના અધિક જિલ્લા કલેક્ટર એ. કે. ગૌતમ દ્વારા હિટવેવથી બચવા માટે સામાન્ય લોકો માટેના સૂચનો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં હવાની અવરજવરવાળી સારી વેન્ટિલેટેડ અને ઠંડી જગ્યાએ રહેવું જોઈએ તો સીધો સૂર્ય પ્રકાશ અને ગરમીના તરંગોને અવરોધિત કરવાની સલાહ આપવામાં આવી છે.

બપોરે ૧૨ કલાકથી બપોરે ૩ કલાકની વચ્ચે સખત પ્રવૃત્તિઓ ટાળવી જોઈએ તો આલ્કોહોલ, ચા, કોફી અને કાર્બોનેટેડ સોફ્ટ ડ્રીંકસ અથવા મોટી માત્રામાં ખાંડવાળા પીણાં ટાળવાની સલાહ આપવામાં આવી છે. આ અંગે કોઈપણ તકલીફ જણાય તો ૧૦૮ ઈમરજન્સી અથવા ડિસ્ટ્રિક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર રાજકોટના ફોન નં.૦૨૮૧- ૨૪૭૧૫૭૩ તથા ટોલ ફ્રી નં. ૧૦૭૭ પર સંપર્ક કરી શકાશે.

# અમેરિકી બજારમાં ઘટાડાના સંકેતોઃ શું વિશ્વમાં મંદી આવશે ?

નવી દિલ્હી : અમેરિકાનાં શેરબજારમાં સોમવારે આવેલાં ઘટાડાએ આખી દુનિયાને હચમચાવી દીધી છે. નાસ્ડેક લગભગ ૪% ઘટ્યો હતો. તે તેનાં ૬ મહિનાનાં નીચલા સ્તર પર આવી ગયો છે. તે જ સમયે, એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ તેની ફેબ્રુઆરીની ઊંચી સપાટીથી ૮ ટકાથી વધુ ઘટ્યો હતો. તે તેના ઓલ-ટાઈમ હાઈથી ૧૦ ટકાથી વધુ નીચે છે.

અમેરિકી બજારમાં ઘટાડાનું મુખ્ય કારણ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિઓ માનવામાં આવી રહી છે. આ માર્કેટ ડેવલપમેન્ટથી અમેરિકામાં મંદીની આશંકા વધી છે. આની અસર ભારત સહિત દુનિયાભરનાં બજારો પર પડી શકે છે. મંદી આવે તો તેનાં પરિણામો ગંભીર આવી શકે છે. લાખો લોકો તેમની નોકરી ગુમાવી શકે છે, વ્યવસાયો બંધ થઈ શકે છે અને દેવું વધી શકે છે




અમેરિકી અર્થવ્યવસ્થામાં મંદીનો વધતો ડર રોકાણકારો માટે ચિંતાનું કારણ બની રહ્યો છે. ગોલ્ડમેન સાક્સે મંદીની સંભાવના ૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા કરી દીધી છે, જ્યારે જેપી મોર્ગને તેને વધુ વધારીને ૪૦ ટકા કરી દીધી છે. ફિચ રેટિંગ્સમાં અમેરિકાનાં પ્રાદેશિક અર્થશાસ્ત્રના વડા ઓલુ સોનોલાએ જણાવ્યું હતું કે મંદીનું જોખમ વાસ્તવિક છે. તે એક જોખમ છે જેને તમે અવગણી શકતાં નથી. યુ.એસ.ના વેપાર યુદ્ધની આર્થિક અસર અંગેની અનિશ્ચિતતાએ આ ભયને વધુ તીવ્ર બનાવ્યો છે. આનાથી બજારનું તીવ્ર ધોવાણ થયું છે. જાણકારોના મતે ટ્રેડ વોર બંધ નહીં થાય તો અમેરિકામાં મંદી આવી શકે છે. તેની અસર સમગ્ર વિશ્વમાં જોવા મળશે.

અર્થશાસ્ત્રીઓ મંદી માટે એક સરળ વ્યાખ્યાનો ઉપયોગ કરે છે - સતત બે ત્રિમાસિક ગાળા માટે આર્થિક સંકોચન. જો કે યુ.એસ. હજી સુધી તે તબક્કે પહોંચ્યું નથી, ત્યાં ચેતવણીના સંકેતો છે. ગ્રાહકોનો આત્મવિશ્વાસ ડગમગી રહ્યો છે, રોજગારીનો વિકાસ ધીમો પડી રહ્યો છે અને વ્યવસાયો રોકાણમાં કાપ મૂકી રહ્યાં છે. અમેરિકામાં મંદીનાં કારણે ભારત પર પણ તેની મોટી અસર પડશે. પહેલું, ભારતીય શેરબજારમાં હજુ ઘટાડો આવી શકે છે.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# હજુ વિનાશના ભણકારા



કોરોનાની આટલી જીવલેણ સનસનાટી પછી પણ કોઈના વ્યસનોમાં જરા પણ ફેરફાર થયો હોય એવું જોવા મળે છે ? વ્યસનો માટે દોડતા ભટકતા ભૂતો ગુજરાતની દરેક શેરીઓમાં જોવા મળે છે. માણસજાતને બદલાવવી એટલે કે એના વ્યવહાર અને ટેવમાં ફેરફાર કરવો બહુ અઘરું કામ છે. પ્રકૃતિ સાથેનો નાતો તૂટી ગયા પછી એને ફરી સંધાતા હજારો વરસો વીતી જશે એમ પર્યાવરણવિદો માને છે અને એટલે ત્યાં સુધીમાં ચોતરફ વિનાશલીલા સર્જાશે. કડવું પણ આ સત્ય છે. વૈશ્વિક હવામાન સંસ્થા વર્લ્ડ મટીરિયોલોજી ઓર્ગેનાઈઝેશને અગાઉ જાહેર કરેલા દુનિયાના અત્યારના હવામાન અંગેના સ્ટેટસ રિપોર્ટ પ્રમાણે પાછલા વરસોની તુલનાએ નાગરિકોની પર્યાવરણ પ્રત્યેની બેફિકરમાં સખત વધારો થયો છે. બે-ચાર ફૂલ કે વૃક્ષવેલ સાથે પસાર કરવાનો સમય હવે વિશ્વના જનસમુદાય પાસે નથી. જેમ જેમ ઘડિયાળના કાંટા અને કેલેન્ડરના પાના આગળ ફરતા જાય છે તેમ તેમ માનવજાતિ કોઈક રહસ્યમય કારણથી પ્રકૃતિ વિમુખ થતી જાય છે.

એથી એના પરિણામો પણ હવે એ ભોગવે છે. હવામાન વૈજ્ઞાનિકોના મત પ્રમાણે કોઈ રાજનેતાના વ્યર્થ ભાષણો જેટલો જ અરસિક વિષય પર્યાવરણ થતો જાય છે. દુનિયા કોઈ એક અણધાર્યા પર્યાવરણીય વિનાશ તરફ પુરપાટ વેગે વહી રહી છે અને નાગરિકો એમની જૂની ભોગવાદી પરંપરામાં બેહોશ થયેલા એટલે કે વાતાવરણના આઘાતજનક પરિવર્તનોની ઉપેક્ષા કરનારા થયા છે. પોતાનો મુક્તિનો સમય પ્રકૃતિ કાજે ફાળવતા વડીલો પણ હવે ઘટી ગયા છે. દુનિયામાં વયવૃદ્ધ લોકોની પણ એક નવી જનરેશન અસ્તિત્વમાં આવી છે જે એકાંતપ્રિય અથવા મનોરંજનપ્રિય છે. વૈજ્ઞાનિકોએ એ વાતની ગંભીર નોંધ લીધી છે કે દુનિયાના કેટલાક વિખ્યાત ગાર્ડનના બાંકડાઓ પણ સમીસાંજે હવે ખાલી દેખાવા લાગ્યા છે. વૃક્ષો પર પંખીઓ ઘટયા છે અને બાંકડાઓ પર બેસનારા લોકો પણ પહેલા જેટલા રહ્યા નથી. કુદરતનો પૂર્ણ સાક્ષાત્કાર કરાવતા ઉદ્યાનોમાં વ્યાપ્ત થતો જતો આ સુનકાર, આમ તો માનવ જિંદગીઓમાં આવનારા સન્નાટાનો આગોતરો પરિચાયક છે.

ધ સ્ટેટ ઑફ ધ ગ્લોબલ ક્લાયમેટ નામક રિપોર્ટ એક રીતે તો ભવિષ્યની ભયાવહ સમસ્યાઓનો એક ખતરનાક દસ્તાવેજ છે, પરંતુ જગત એને ગંભીરતાથી લે એવી શક્યતા બિલકુલ નથી. કારણ કે આ રિપોર્ટ તો મોસમ વૈજ્ઞાનિકોની નવી એક બૂમ છે, આની પહેલાની અનેક બૂમાબૂમનો વિશ્વના જનસમુદાયે કોઈ પ્રત્યુત્તર પાઠવ્યો નથી કે જનવર્તનમાં કોઈ ફેરફાર નોંધાયો નથી. વૈજ્ઞાનિકો જો કે હવે નિરાશ થતા નથી, તેઓ માનવજાતિને તેમની પર્યાવરણ પરત્વેની ઉદાસીનતાની સજા મળતી થાય એની પ્રશાંત ચિત્તે પ્રતીક્ષા કરતા થયા છે, કારણ કે સત્તાઓ અને મહાસત્તાઓ તેમના કહ્યામાં ન હોય ત્યારે સહદેવવૃત્તિથી તેમણે પરિણામોની માત્ર પ્રતીક્ષા કરવાની રહે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવના કહેવા પ્રમાણે પર્યાવરણની સભાનતા અને સકારાત્મક પ્રવૃત્તિઓ વધવાને બદલે આ વિષજય હવે હાંસિયામાં મૂકાઈ ગયા છે. વિશ્વના થોડા વૈજ્ઞાનિકો અને ચપટીક બુદ્ધિજીવીઓ સિવાય ન તો પ્રજા કે ન રાજકર્તાઓ પર્યાવરણ અંગે સક્રિય છે. તેઓની નિષ્ક્રિયતાએ નવા સંકટને નોંતરું આપ્યું છે.

# જાફર એક્સપ્રેસ રેસ્ક્યુ ઓપરેશન પૂર્ણ, ૨૧ મુસાફરોની હત્યા, ટ્રેન હાઈજેક કરનારા તમામ ૩૩ બલૂચ બળવાખોરો ઠાર





પાકિસ્તાનના બલુચિસ્તાનમાં જાફર એક્સપ્રેસ હાઈજેક કરવાની ઘટના અંગે મોટા અહેવાલ સામે આવ્યા છે. પાકિસ્તાનના ઈન્ટર-સર્વિસિઝ રિલેશન્સ (ઈંજીઙછ)ના મહાનિદેશક અહમદ શરીફ ચૌધરીએ કહ્યું કે, ‘પાકિસ્તાની સેનાના એરફોર્સ, ફ્રન્ટિયર કોર અને સ્પેશ્યલ સર્વિસ ગ્રૂપ (જજ્રૂ)ના સંયુક્ત ઓપરેશન હેઠળ ટ્રેન હાઈઝેક કરનારા ૩૩ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે અને તમામ બંધકોને સુરક્ષીત બચાવી લેવાયા છે. જોકે આ ઘટનામાં ૨૧ મુસાફરોના મોત થયા છે. બીજીતરફ પાકિસ્તાન રેડિયોના રિપોર્ટ મુજબ રેસ્ક્યુ ઓપરેશનમાં ૧૯૦ લોકોને બચાવાયા છે, ૩૭ મુસાફરોને ઈજા થઈ છે.

શરીફ ચૌધરીએ પાકિસ્તાન સમાચાર ચેનલને કહ્યું કે, ‘આતંકવાદીઓએ ૧૧ માર્ચે બપોરે એક કલાકે ટ્રેનને હાઈજેક કરી હતી અને તમામ મુસાફરોને બંધક બનાવી લીધા હતા. પાકિસ્તાની સેનાએ કરેલા રેસ્ક્યુ ઓપરેશનમાં તમામ બંધકોને તબક્કાવાર બચાવી લેવાયા છે. જોકે ઘટનામાં ૨૧ મુસાફરો અને ચાર જવાનોના મોત થયા છે. બીજીતરફ બલૂચ લિબરેશન આર્મીએ દાવો કર્યો હતો કે, તેણે ૧૦૦થી વધુ લોકોને મોતને ઘાટ ઉતાર્યા છે.

આ પહેલા સમાચાર એજન્સી અત્રઙ સાથે વાતચીતમાં એક સેના અધિકારીએ કહ્યું હતું કે, ૨૭ નોન-ડ્યૂટી સૈનિકોની ટ્રેનમાં જ હત્યા કરી દેવાઈ, જ્યારે એક સૈનિક ઓપરેશન દરમિયાન માર્યો ગયો.

# દેશમાં પહેલીવાર કોઈ રાજ્ય પોતાનો સેટેલાઈટ લોન્ચ કરશે, સરહદી સુરક્ષા અને વિકાસમાં મદદરૂપ થશે

આસામ દેશનું પહેલું એવું રાજ્ય બનશે કે, જેની પાસે પોતાનો સેટેલાઇટ હશે. નાણામંત્રી અજન્તા નિયોગે વર્ષ ૨૦૨૫ ૨૬માં રાજ્યનું બજેટ રજૂ કરતી વખતે આ વાત કરી હતી. અને તેના માટે આસામ સરકારે ઇસરો સાથે વાતચીત પણ કરી છે. જે અંગે મુખ્યમંત્રી હિમંતા બિસ્વાએ કહ્યું કે, ’જો અમારી પાસે પોતાનો ઉપગ્રહ હશે તો તે અમને માહિતી આપશે કે, કોઈ બહારની વ્યક્તિ ખોટી રીતે રાજ્યમાં પ્રવેશ કરી રહી છે કે નહીં. પૂર જેવી આફતોની વિશે પણ આગોતરી માહિતી આપશે અને ખેડૂતો માટે હવામાન સંબંધિત રિપોર્ટ પણ આપશે. તેમજ આસામ દેશનું પહેલું રાજ્ય હશે, જેની પાસે પોતાનો ઉપગ્રહ હશે.’ આસામ સરકારે સોમવારે એક મોટી જાહેરાત કરી છે. રાજ્યને પોતાનો સેટેલાઈટ મળશે જે સામાજિક અને આર્થિક વિકાસ પ્રોજેક્ટ્સને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે મહત્ત્વપૂર્ણ ડેટા એકત્રિત કરવામાં અને સરહદોનું નિરીક્ષણ કરવામાં પણ મદદ કરશે.ટેલાઈટની કામગીરી વિશે માહિતી આપતાં નાણામંત્રી અજન્તા નિયોગે કહ્યું કે, ’આ ઉપગ્રહ ભારતીય અવકાશ વિભાગના ઈંગ જીઙઅઈઊ (ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઑથોરાઈઝેશન સેન્ટર) સાથે સહયોગથી વિકસિત કરવામાં આવશે. અમે અમારો પોતાનો ઉપગ્રહ ’અજજઅખજઅઝ’ સ્થાપિત કરવા માંગીએ છીએ, કે જેથી કરીને સામાજિક આર્થિક વિકાસ પ્રોજેક્ટ્સના અસરકારક અમલીકરણ માટે સતત અને વિશ્વસનીય ડેટા મેળવી શકાય.’

આ સેટેલાઇટથી કૃષિ, આપત્તિ વ્યવસ્થાપન, બુનિયાદી વિકાસ, સરહદ સુરક્ષા વ્યવસ્થાપન અને પોલીસ કામગીરીમાં ઉપયોગી સાબિત થશે. આ ઉપરાંત તે રાજ્યના વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક કલ્પનાશક્તિને વેગ આપવામાં કામ કરશે.

કારણ કે તે ઈંગ જીઙઅઈઊ અને ઈંજીછઘની મદદથી પ્રાયોગિક ઉપગ્રહો બનાવવાની પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે.

મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, ’જો આપણી પાસે પોતાનો સેટેલાઈટ હશે, તો તે અમને માહિતી આપશે કે કોઈ બહારની વ્યક્તિ રાજ્યમાં ગેરકાયદે રીતે પ્રવેશ કરી રહી છે કે નહીં, આ ઉપરાંત તે પૂર જેવી આફતો વિશે અગાઉથી માહિતી આપશે અને ખેડૂતો માટે હવામાન અંગે પણ રિપોર્ટ આપશે.’

# રિટેલ મોંઘવારીમાં રાહત



# ફેબ્રુઆરીમાં ૩.૬૧ ટકા સાથે ફુગાવો સાત માસના તળિયે, ઔદ્યોગિક ઉત્પાદન વધ્યા

દેશમાં રિટેલ મોંઘવારીમાં રાહત મળી છે. ફેબ્રુઆરીમાં રિટેલ મોંઘવારી ૪ ટકાથી ઘટી ૩.૬૧ ટકા થઈ છે. શાકભાજી અને ફળોના ભાવમાં ઘટાડાના કારણે રિટેલ મોંઘવારીનો દર ઘટ્યો હોવાનું કેન્દ્ર સરકાર દ્વારા જારી સત્તાવાર આંકડાઓ પરથી જાણવા મળ્યું છે. આ ઘટાડા સાથે ચાલુ નાણાકીય વર્ષમાં ત્રીજી વખત રિટેલ ફુગાવો ૪ ટકાથી ઘટ્યો છે. ફુગાવાના આંકડા અર્થશાસ્ત્રીઓના અંદાજ ૩.૮ ટકા કરતાં પણ ઘટ્યા છે.

રિટેલ ફુગાવો ફેબ્રુઆરી, ૨૦૨૫માં ૩.૬૧ ટકા સાથે સાત માસના તળિયે પહોંચ્યો છે. જે અગાઉ ઑગસ્ટમાં ૩.૬૫ ટકા નોંધાયો હતો. ત્યારબાદ સતત ૪થી ૬ ટકાની રેન્જમાં રહ્યો હતો. ગતમહિને જાન્યુઆરીમાં રિટેલ ફુગાવો ૪.૩૧ ટકા રહ્યો હતો. શાકભાજી, ફળો, પ્રોટીનયુક્ત પદાર્થોના ભાવમાં ઘટાડાના પગલે રિટેલ મોંઘવારી ઘટી છે.

આરબીઆઈને રિટેલ ફુગાવો ૪ ટકા(+/- ૨%)ના દરે જાળવી રાખવાની જવાબદારી સોંપાઈ હતી. જે સફળતાપૂર્વક નિભાવવામાં આવી છે. લગભગ છેલ્લા એક વર્ષથી ફુગાવો આ દરે જળવાઈ રહ્યો છે. જેથી આરબીઆઇ નવ માર્ચે યોજાનારી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરોમાં ઘટાડો કરે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. અગાઉ ગત મહિને આરબીઆઈએ રેપો રેટમાં ૨૫ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. તે પહેલાં આરબીઆઈએ ૨૦૨૨થી ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી વ્યાજના દરો ૨.૫૦ ટકા વધાર્યા હતા.દેશની ઔદ્યોગિક ગતિવિધિઓ જાન્યુઆરી, ૨૦૨૫માં વાર્ષિક ધોરણે ૫ ટકા વધી છે. જે ડિસેમ્બર, ૨૦૨૪માં ૩.૨ ટકા હતી. આઈઆઈપી જાન્યુઆરીમાં ૫ ટકા સુધી વધ્યો છે. જેમાં માઈનિંગ ઉત્પાદન ૪.૪ ટકા, મેન્યુફેક્ચરિંગ ગતિવિધિઓ ૫.૫ ટકા અને વીજ ઉત્પાદન ૨.૪ ટકા વધ્યું છે. શાકભાજી, ફળો, કઠોળ, ડેરી પ્રોડક્ટ્સના ભાવમાં ઘટાડો નોંધાતા ખાદ્ય ચીજોનો ફુગાવો ફેબ્રુઆરીમાં ઘટી ૩.૭૫ ટકા થયો છે. જે અગાઉ જાન્યુઆરીમાં ૫.૯૭ ટકા હતો. ગ્રામીણ ક્ષેત્રમાં ખાદ્ય ચીજોનો ફુગાવો ૪.૦૬ ટકા નોંધાયો છે. જે શહેરમાં ૩.૨૦ ટકા હતો. એકંદરે ગ્રામીણ વિસ્તારોમાં મોંઘવારી જાન્યુઆરીમાં ૪.૫૯ ટકાથી ઘટી ફેબ્રુઆરીમાં ૩.૭૯ ટકા થઈ છે. જયારે શહેરી વિસ્તારોમાં મોંઘવારી ૩.૮૭ ટકાથી ઘટી ૩.૩૨ ટકા નોંધાઈ છે.

# સંસદમાં હંગામો:અદાણી મુદ્દે વિપક્ષનો વોક આઉટ

## અદાણીનાં પ્રભાવ હેઠળ સરકાર કામ કરતી હોવાનો આરોપ:ભાષા–કોલસા ખનન મુદ્દે તડાફડી



નવી દિલ્હી તા.૧૨

સંસદના વર્તમાન બજેટ સત્રના બીજા તબક્કાની કામગીરીમાં ધમાલ-હોબાળો ચાલૂ જ રહ્યો છે. મતદાર ઓળખકાર્ડમાં ગોટાળા અમેરીકાની ટેરીફ ધમકી, સીમાંકન અને મણીપુર હિંસા જેવા મુદાઓ પર વિપક્ષોએ સરકારને ઘેરવાનું ચાલુ જ રાખ્યુ છે. આજે લોકસભાની કાર્યવાહી બપોર સુધી સ્થગીત થઈ હતી. બીજુ જનતાદળનાં સાંસદ સસ્મિત પાત્રાએ સંસનમાં ત્રણ ભાષા નીતિ પર ચાલતા હંગામા વિશે કહ્યું કે શિક્ષણ સંવેદનશીલ મુદ્દો છે. અને સરકારે રાજયો સાથે પરામર્શ વાતચીત કરવી જોઈએ. કોઈ યોગ્ય ઉકેલની જરૂર છે. ગેરસમજણ હોય તો નિરાકરણ લાવવુ જોઈએ.

વાસદપર બેડીમાં
જગ્યા વેચવાની છે
તાત્કાલિક કસમાં
મો. 9898317826

# કટારીયા ચોક બ્રિજ, નવા રીંગ રોડનું તા. ૨૬ના ભૂમિપૂજન મુખ્યમંત્રીને નિમંત્રણ

## મનપા – રૂડાના ૫૦૦ કરોડથી વધુના કામોના ઉદ્દઘાટન – ખાતમુહૂર્તની તૈયારી

## મવડીનું સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ – કેકેવી બ્રિજ હેઠળ ગેમઝોનનો પણ પ્રારંભ કરાવશે

રાજકોટ, તા. ૧૨

રાજકોટ મહાપાલિકા અને રૂડા વિસ્તારના ૫૦૦ કરોડથી વધુના નવા અને મહત્વકાંક્ષી પ્રોજેકટસ, વિકાસ કામોના ભૂમિપૂજન અને લોકાર્પણનો કાર્યક્રમ તૈયાર થઇ ગયો છે. આગામી તા. ૨૬ માર્ચના રોજ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલના હસ્તે આ વિકાસ કામોની રાજકોટને ભેંટ આપવાનું નિમંત્રણ ગઇકાલે ગાંધીનગર ગયેલા રાજકોટ મનપાના પદાધિકારીઓ અને ભાજપ સંગઠનના હોદ્દેદારોએ આપ્યું છે. આથી સંભવત તા.૨૬ના બુધવારે આ માટે। કાર્યક્રમ યોજવા મનપા અને



રૂડામાં તૈયારીઓનો ધમધમાટ શરૂ થશે.

રાજકોટના કટારીયા ચોક પર સૌપ્રથમ એલીવેટેડ ફલાય ઓવર અને અન્ડર બ્રીજ, નવા રીંગ રોડ ડેવલપમેન્ટથી માંડી મવડીના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના લોકાર્પણનું લીસ્ટ હાલ તૈયાર કરાયું છે. જેમાં હજુ ઘણા કામોનો ઉમેરો થશે તેમ મેયર નયનાબેન પેઢડીયા અને સ્ટે.કમીટી ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું.

શહેરમાં વિકાસના અનેક નવા કામોના પ્રારંભ અને લોકાર્પણ કરાવવા શાસકો મુખ્યમંત્રીના સમયની રાહ જોઇ રહ્યા છે. ગત મહિને કટારીયા ચોક બ્રીજના પ્રોજેકટની દરખાસ્ત મંજૂર થઇ ગઇ હતી પરંતુ આ મોટા પ્રોજેકટનું ભૂમિપૂજન મુખ્યમંત્રીના હસ્તે થાય તેવા પ્રયાસો શાસકો કરતા હતા. દરમ્યાન ગઇકાલે મુખ્યમંત્રીને કોર્પો. અને રૂડાના વિવિધ વિકાસ કામોની ભેંટ આપવા રાજકોટ આવવાનું નિમંત્રણ આપ્યું છે.

પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, કાલાવડ રોડ પર કટારીયા ચોક ખાતે ૧૬૭ કરોડના ખર્ચે પ્રથમ એલીવેટેડ વિશાળ ફલાય ઓવર અને રીંગ રોડની દિશામાં અન્ડર બ્રીજ બનાવવાનો થાય છે. કાલાવડ રોડની ટ્રાફિક સમસ્યા આ બ્રીજ ઘણી હળવી કરી શકે તેમ છે. તે રૂડા અને મનપા દ્વારા નવા રીંગ રોડના ચાલતા વિકાસમાં ઘંટેશ્વરથી માલીયાસણ, ઘંટેશ્વર સ્માર્ટ સીટી રોડથી કોરાટ ચોક તરફ ફોરટ્રેકનું કામ પણ મુખ્યમંત્રીના હસ્તે શરૂ કરાવવામાં આવશે. એકંદરે વેસ્ટ ઝોનના ૨૬૮ કરોડના, ઇસ્ટ ઝોનના ૪૫.૮૦ કરોડ અને સેન્ટ્રલ ઝોનના ૧૩.૩૫ કરોડના કામોનું લીસ્ટ હાલ બનાવાયું છે. નવા રીંગ રોડને ફોરટ્રેક બનાવવાની કામગીરી હવે રૂડા અને મનપાએ ગતિથી આગળ વધારી છે. તેમાં કોરાટ ચોક તરફ ૧૦૦ કરોડનું કામ મંજૂર કરાયું છે. રૈયા સ્માર્ટ સીટી તરફ બ્રીજ વાઇડનીંગનું કામ પણ શરૂ કરવાનું છે. મવડીમાં વોર્ડ નં.૧૨માં ૨૨.૩૪ કરોડના ખર્ચે બંધાતુ સ્પોર્ટસ કોમ્પલેક્ષ તૈયાર થઇ ગયું છે. આ રેસકોર્સથી પણ બેનમુન સંકુલનું લોકાર્પણ કરાશે તો કેકેવી ચોક બ્રીજ હેઠળ બનાવવામાં આવેલા ગેમ ઝોનનું પણ મુખ્યમંત્રી ઉદઘાટન કરશે. આ કાર્યક્રમોની તૈયારી હવે શરૂ કરાશે તેમ પદાધિકારીઓએ જણાવ્યું હતું.

# રાજકોટ રૂડાની બોર્ડ બેઠકમાં રૂ.૨૯૭.૪૧ કરોડનું બજેટ મંજૂર

### રીંગ રોડ – ૨ને ચાર માર્ગીય બનાવાશે ટી.પી.રોડનાં કામો માટે રૂા. ૧૫૫.૪૪ કરોડની ફાળવણી

રાજકોટ,તા.૧૨

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા આજે તા.૧૨ના રોજ ૧૭૬મી બોર્ડ બેઠક ચેરમેન તુષાર સુમેરાની અધ્યક્ષતામાં યોજાયેલ. જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.૨૯૭.૪૧ કરોડના બજેટને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. આ વર્ષના બજેટમાં રૂડા વિસ્તારમાં લોકોપયોગી સુવિધાઓમાં વધારો થાય તેમજ સત્તામંડળ વિસ્તારમાં ઝડપી વિકાસ થાય તે હેતુથી રાજકોટ શહેરને ફરતે તૈયાર થયેલ રીંગ રોડ-૨ને ૨ માર્ગીયમાંથી ૪ માર્ગીય બનાવવા, રોણકી ગામે



ટી.પી.સ્કીમ નં.૩૮/૨ અને કાંગશિયાળી ગામમાં પાણી પૂરવઠાના તેમજ ભૂગર્ભ ગટરના કામો હાથ ધરવામાં આવશે.

તથા સત્તામંડળ વિસ્તારમાં વિવિધ આંતરમાળખાકિય પ્રોજેકટ માટે કૂલ રૂ.૨૫૧.૩૩ કરોડના ખર્ચને બહાલી આપવામાં આવેલ, જેમાં રીંગ રોડ-૨ ફેઝ-૨ તેમજ ટી.પી./ડી.પી. રોડના કામો માટે રૂ.૧૫૫.૪૪ કરોડ, પાણી પુરવઠાતેમજ ભૂગર્ભ ગટરના કામો માટે રૂ.૭૭ કરોડ, સ્ટ્રીટલાઇટ તેમજ ઘન કચરા વ્યવસ્થાપનના કામો માટે રૂ.૧૩.૯૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

ચેરમેન તથા મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા, રિઝીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસિપાલીટી મહેશ જાની, જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર, રૂડાના સી.ઇ.એ. જી.વી.મીયાણી, મુખ્ય નગર નિયોજકના પ્રતિનિધિ તરીકે કે.આર.સુમરા તથા છખઇના સીટી એન્જી. કે.કે.મહેતા હાજર રહેલ હતા.

# ફલાવર બેડ અને બીયુનો પ્રશ્ન હજુ યથાવત

### સરકારના પત્ર વચ્ચે હકારાત્મક અર્થઘટન કાઢવા ટીપી શાખા પણ ઉંધા માથે

રાજકોટ, તા. ૧૨

રાજકોટમાં આઠેક મહિનાથી તૈયાર પ્રોજેકટસના કમ્પલીશન સર્ટીફીકેટ ફલાવર બેડના વિવાદના કારણે અટકીને પડયા છે. હવે નવા કમિશનરે બાંધકામ ક્ષેત્રને બ્રેક મારી દેનાર આ પ્રશ્નનો ઉકેલ લાવવા પ્રયાસ શરૂ કર્યો છે. પરંતુ સરકારમાંથી પૂર્વ કમિશનરે મંગાવેલો લેખિત અભિપ્રાય હજુ તંત્ર સામે હુકમની જેમ પડેલો છે!

બિલ્ડીંગમાં અગાઉ ફલાવર બેડની જગ્યા રૂમમાં ભેળવી દેવાતી હતી. સ્ટેન્ડીંગ બાલ્કની બાંધકામમાં પ્લાનમાં ન દેખાડવા છતાં સામેલ કરાતી હતી. આવા બાંધકામને કમ્પલીશન આપવાની પરંપરા ચાલતી હતી.

પરંતુ એક રીતે પ્લાનમાં ન



દર્શાવેલ હોય તેવું બાંધકામ બિલ્ડરો લોકોને વેંચાણ કિંમતમાં ઉમેરતા હતા. આથી આવા બીયુ મંજૂર કરવાનું કમિશનરે રોકયું હતું. છતાં ખુબ રજુઆતો બાદ રસ્તો કાઢવા આવા બાંધકામ ઇમ્પેકટમાં લઇ શકાય કે કેમ તેનો અભિપ્રાય સરકાર પાસે માંગવામાં આવ્યો હતો. સરકારે માત્ર નિયમ મુજબ કાર્યવાહી કરવા માર્ગદર્શન મોકલતા એ જ સ્થિતિ રહી હતી.

# કોર્પોરેટરોની ફરિયાદો ઉકેલી ફોટો સાથે અપલોડ કરાશે : એપનું લોન્ચીંગ

## કમિશનરે ખાસ કાઉન્સીલર મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરાવી પ્રશ્ન આવે એટલે સીધી વોર્ડ અધિકારીની જવાબદારી ફિકસ ચૂંટાયેલા લોકો સૂચનો પણ મૂકી શકશે

રાજકોટ, તા. ૧૨

રાજકોટ મહાપાલિકાના ચૂંટાયેલા નગરસેવકો પાસે આવતી પ્રજાની ફરિયાદો જીઓ લોકેશન સાથે સીધી કમિશ્નરને પણ જોડતી અદ્યતન માહિતી દર્શાવતી કાઉન્સીલર મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરવામાં આવી છે. લોકોને સીધા તંત્ર સાથે જોડતી ટેકનોલોજી પણ તૈયાર કરાવતા કમિશ્નર તુષાર સુમેરાએ ચૂંટાયેલા લોકોના પ્રશ્નો અને સૂચનો માટે તૈયાર કરાવેલી આ એપનું આજે સાંજે પાંચ વાગ્યે લોન્ચીંગ રાખવામાં આવ્યું છે.

રાજકોટ શહેરનાં નગરસેવકોને તેમના વિસ્તારોના પ્રશ્નો બાબતે ફરીયાદ તેમજ કોર્પોરેશન બાબતની અદ્યતન માહિતી મેળવવા માટેનું માધ્યમ કોર્પોરેટર એપ બની રહેનાર છે. આ એપ દ્વારા નગરસેવકો તેમના વિસ્તારની પ્રજાલક્ષી ફરીયાદો જેવી કે પડતર કચરો, ડ્રેનેજ ઓવરફ્લો, રસ્તામાં ખાડો,પાણીની લાઇનમાં લીકેજ વગેરે જીઓ લોકેશન સાથે એપ મારફત નોંધાવી શકશે.

આ ફરિયાદની વિગત સીધી સંબંધીત વોર્ડના જવાબદાર કર્મચારીને પહોંચશે. જવાબદાર કર્મચારી દ્વારા ફરીયાદનો નિકાલ કરીને તેની નોંધ એપમાં કરવામાં આવશે જેની જાણ આ એપ દ્વારા નગરસેવકોને થશે.

ફરિયાદનો નિકાલ થયે નિકાલની નોંધ સાથે ફોટો પણ અપલોડ કરવાની સગવડતા આ એપમાં છે એટલે કે ફરિયાદનો નિકાલ થયાનો પુરાવો સીધો એપ્લીકેશનમાં મૂકવાની જવાબદારી કર્મચારી અને અધિકારી પર રહેશે. નગરસેવકોની ફરિયાદોને તત્કાલ અગ્રતા આપવાનો હેતુ પણ આ ટેકનોલોજીથી પાર પડવાનો છે.

આ ઉપરાંત કોર્પોરેટરની તમામ ફરીયાદોની યાદી, તમામ અખબારી યાદી, કોર્પોરેશનની ભરતી સંબંધી તમામ જાહેરાતો, કોર્પોરેશનની ટેન્ડર સંબંધી તમામ જાહેરાતો, ટેલીફોન નંબરો માટે મીની ડાયરી એપ ઉપર ઉપલબ્ધ થશે. કોર્પોરેશનની વિવિધ સેવાઓને લગત ફોર્મસ જેવા કે લગ્ન નોંધણી, મિલ્કત વેરા નામ ટ્રાન્સફર, જન્મ મરણ, લાઈબ્રેરી, શોપ, ફાયર વિભાગને લગતી કામગીરી પણ એપ પર શકય બનશે.

# રૂા.૪૫, ૧૫ લાખનાં બાકી કરની રિકવરી માટે RTO એ વધુ ૧૯-કંપનીઓને નોટીસ ફટકારી

## નિયત સમયમાં બાકી કર ભરપાઈ ન કરે તો બાકીદારોની, મિલ્કતો ઉપર બોજો નખાશે

રાજકોટ,તા.૧૨

રાજકોટ જિલ્લા આર.ટી.ઓ કચેરીએ છેલ્લા કેટલાંક દિવસોની વર્ષો જૂના બાકી વાહન ટેક્ષની રિકવરી માટે સઘન ઝુંબેશ શરૂ કરી છે.અને બાકીદારોને ધડાધડ નોટીસો ફટકારવાનું શરૂ કર્યુ છે. ત્યારે આજે ફરી એકવાર આર.ટી.ઓ.વિભાગે શહેરની ૧૯-કંપનીઓને રૂા૫.૧૫ લાખનાં બાકી વાહનવેરા રિકવરી માટે નોટીસો ફટકારી છે.

આ અંગે આરટીઓ અધિકારી કે.એમ.ખપેડનાં જણાવ્યા મુજબ રાજકોટ આર ટી ઓ કચેરી દ્વાર કંપનીના નામે ચાલતા વાહનોના બાકી રહેલા વાહનોના ટેક્સ બાબતે ૧૮ કંપનીને ટેક્સ ડિફોલ્ટર નોટિસ આપી ટેક્સ ભરપાઈ કરવા




જણાવેલ છે. આશરે કુલ ૪૫,૧૫,૮૨૩/- જેટલો કંપનીઓ દ્વારા તેમના વાહનનો ટેક્સ ભરપાઈ કરેલ ન હોવાનું ધ્યાને આવતા નીચે મુજબની વાહન ટેક્સ ડિફોલ્ટર કંપનીના વાહનોને નોટિસ આપવામાં આવેલ છે.

જેમાં વી આર એસ ક્રેન્સ એન્ડ સર્વિસીસ, લોજીસ્ટિક એન્ટરપ્રાઇઝ પ્રાઈવેટ લિમિટેડ, રેન્ટ્સ ક્રેન સર્વિસીસ, ઉપલ ક્રેન સર્વિસીસ, જગદંબા સર્વિસીસ, બોબીલી વેન્કટેસ્વરા રાવ, આનંતનાગ ક્રેન્સ એન્ડ ટ્રાન્સપોર્ટ, આર પી ક્રેન એન્ડ ટ્રાન્સપોર્ટ સર્વિસીસ, એસ બી હેવી એક્વપમેન્ટ્સ, ગુરુનાનક ક્રેન્સ,જી એમ કે ક્રેન્સ, સીરોસ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ, સુંદર ક્રેન્સ પ્રાઈવેટ લિમિટેડ, ફ્રેન્ડ્સ ઈક્વપમેન્ટ, કનક દુર્ગા એન્જિનિરીંગ, જે એસ બી ક્રેન સર્વિસ, ઘનશ્યામ ટ્રાવેલ્સ, જય મા આશાપુરા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ આમ ઉપરોકત મુજબની કંપની દ્વારા સરકારમા વાહનોના બાકી રહેલા વાહનોના કર બાબતે ભરાપાઈ કરવાનાં હેતુ થી નોટિસ આપવામાં આવેલ છે. અને નિયમોઅનુસાર ટેક્સ ભરપાઈ કરવા જણાવે છે.તેમજ બાકી રહેલ કર ભરપાઈ કરવામાં નહી આવે તો જમીન જાયદાદ ઉપર બોઝો નાખવાની કાર્ય વાહી હાથ ધરવામા આવશે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે પણ રાજકોટ આર.ટી.ઓ કચેરી દ્વાર કંપનીના નામે ચાલતા વાહનોના બાકી રહેલા વાહનોના ટેક્સ બાબતે હાલ ૨૦ કંપનીને નોટિસ આપી ટેક્સ ભરપાઈ કરવા જણાવેલ છે.આશરે કુલ ૫,૮૨,૮૮૩/- જેટલો કંપનીઓ દ્વારા તેમના વાહનનો ટેક્સ ભરપાઈ કરેલ ન હોવાનું ધ્યાને આવતા નીચે મુજબની સંસ્થાના વાહનોને નોટિસ આપવામાં આવેલ હતી.ગઈકાલે એ જી લોજીસ્ટિક,એ એસ ઈન્ફ્રાષ્ટ્રકચર, એ વી એન કધસ્ટ્રકશન, આરવ એન્ટરપ્રાઈઝ, આશીર્વાદ કન્સ્ટ્રકશન, આદિત્ય અલ્ટ્રા સ્ટીલ લિમિટેડ, મારુતિ એન્ટરપ્રાઈઝ, એ એફ ટી ગ્લોબલ એલ એલ પી, અગ્રવાલ ગટર એન્ડ વેરહાઉસ, એગ્રીકલચર પ્રોડક્ટ માર્કેટ કમિટી, અભેલભાઈ જીલુભાઈ કપરાડાનો સમાવેશ થાય છે.

### શું SOS સ્કુલમાં અભ્યાસને બદલે આ પ્રકારનું વાતાવરણ સર્જાય છે ? વાલીઓમાં ચિંતા

# રાજકોટની સ્કૂલ ઓફ સાયન્સના ધો.૧૨ના વિદ્યાર્થી સાથે રેગિંગ, રૂમમાં પુરી પટ્ટા વડે માર મરાયો : પરીક્ષાની રીસિપ્ટ ફાડી નાખી

## ખંભાળા પાસે આવેલ સ્કૂલનો બે દિવસ પહેલા બનેલો બનાવ, વિદ્યાર્થીને જૂનાગઢ સિવિલમાં સારવાર અપાઈ : સ્કૂલે ખુલાસો કર્યો કે, રેગિંગ કરનારને અમે રસ્ટિગેટ કર્યા છે





રાજકોટ, તા.૧૨

રાજકોટ નજીક ખંભાળા પાસે આવેલ સ્કૂલ ઓફ સાયન્સમાં ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી સાથે રેગિંગ કરી ઢોરમાર મારવામાં આવ્યો હતો. સ્કૂલ તરફથી મળેલી વિગત મુજબ, જૂનાગઢના વિદ્યાર્થીને હોસ્ટેલના ૬થી ૭ વિદ્યાર્થીઓએ ભેગા થઈને માર માર્યો હતો. હાલ તે જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં સારવારમાં છે.

પીડિત વિદ્યાર્થી જૈમિન વાળાએ જણાવ્યા મુજબ, તેને પહેલાં હોસ્ટેલના રૂમમાં બોલાવવામાં આવ્યો અને બાદમાં વિદ્યાર્થીઓએ રૂમ બંધ કરી દીધો અને બધાએ પટ્ટા અને અન્ય વસ્તુઓથી માર મારવાનું શરૂ કરી દીધું હતું. જાતિવાચક શબ્દો વાપરીને હિંસા કરવામાં આવી હતી.

જૈમિન સિવાય અન્ય બે લોકોને પણ માર મારવામાં આવ્યો હતો. રેગિંગ કરી તેમાંથી કોઈ સાથે જૈમિનને કોઈ માથાકૂટ કે ઝઘડો થયો નહતો. રેગિંગ કરનારા વિદ્યાર્થીઓએ જૈમિનની પરીક્ષાની રિસીપ પણ ફાડી નાંખી હતી. ધમકી આપી હતી તેથી ત્યારે કોઈને વાત ન કરી. ફરિયાદ નહતી કરી. બીજા દિવસે શિક્ષકને વાત કરી તો તેણે કહેલ કે, તારા વાલીને કંઈ જણાવતો નહીં.

જોકે વિદ્યાર્થીએ પોતાના પિતાને જાણ કરી હતી. બનાવ અંગે સ્કૂલ ઓફ સાયન્સના ધર્મેશ પટેલે જણાવ્યું કે, બે દિવસ પહેલાનો બનાવ છે. અમે જ વાલીઓને બોલાવ્યા હતા. જૈમિનના પિતા પ્રવિણભાઈનો આગ્રહ હતો કે, રેગિંગ કરનાર વિદ્યાર્થીઓ અને વાલીઓ માફી માંગે.

જેથી સમાધાન માટે બોલાવેલ. આમાં સામેલ વિદ્યાર્થીઓને રસ્ટિગેટ કરી દેવાયાં છે. માફી પત્ર લખાવેલ છે. સ્કૂલ અને હોસ્ટેલ મેનેજમેન્ટ જૈમિન સાથે છે. જૈમિન હોશિયાર વિદ્યાર્થી છે.અમે તેમના પિતાને પણ જાણ કરી છે કે, જૈમિન સ્કૂલ હોસ્ટેલ પરત આવી જાય. પરીક્ષા આપે. અમે તેની કેર કરીશું. અમે હોસ્ટેલમાં દર એક માળે બે રેક્ટર રાખ્યા છે. હવે તેની સંખ્યા વધારીશું આવો બનાવ ફરી ન બને તે માટે કર્મચારીઓને જાગૃત રાખીશું.

રાજકોટની જાણીતી શૈક્ષણિક સંસ્થા એસ.ઓ.એસમાં જૂનાગઢ જિલ્લાનાં વિદ્યાર્થી જૈમિન વાળા સાથે ૭ થી ૮ વિદ્યાર્થી ઓનાં ટોળાએ રેગીંગ કરી અને જૈમિનને પટ્ટાથી બે રહેમીથી મારમારી ગંભીર રીતે ઘાયલ કરી દિધો.આ ઘટના અંગે વિદ્યાર્થીનાં પિતા પ્રવિણભાઈ વાળાનો સાંજ સમાચારએ સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતુ કે તેના પુત્ર સાથે રેગીંગ કરનાર વિદ્યાર્થીઓ ઉપરાંત એસ.ઓ.એસ.સંસ્થાનાં સંચાલકો સામે પણ પગલા ભરવામાં આવે કારણ કે જે વિદ્યાર્થીઓએ આ કાંડ કર્યો છે. તેઓને શૈક્ષણિક સંસ્થાએ બારોબાર તેમના ઘરે મોકલી દિધા, અને જૈમિનનાં પિતા તરીકે તેઓએ એસ.ઓ.એસ.સંસ્થાએ જાણ પણ કરી નહતી ઉપરાંત શિક્ષણ સંસ્થાએ તેમના ઘાયલ પૂત્રની સારવાર પણ ન કરાવી અને દવાખાને પણ લઈ ન ગયા. પ્રવિણભાઈએ જણાવેલ કે તેમનો પૂત્ર પાંચ વર્ષથી એસ.ઓ.એસમાં ભણતો હતો અને તેની કોઈ દિવસ ફરીયાદ પણ ન હતી.

# રાજકોટની મનીપલ્સ સહકારી મંડળીનું રૂ.૧૧.૦૯ કરોડનું મસમોટું કૌભાંડ

રાજકોટ. તા.૧૨

રાજકોટની મનીપલ્સ સહકારી મંડળીનું રૂ.૧૧.૦૯ કરોડનું મસમોટું કૌભાંડ બહાર આવતાં ખળભળાટ મચી ગયો હતો. મંડળીના સંચાલક અલ્પેશ દોંગાએ અમરેલી, વાંકાનેર અને રાજકોટના ૬૦ થી વધું લોકો પાસેથી સારા વળતરની લાલચે રૂપીયા ઉઘરાવી લીધાં, શરૂઆતમાં વ્યાજ આપી બાદમાં હાથ ઊંચા કરી ઠગાઈ કરતા લોકોએ મરણમૂડી ગુમાવતાં રોવાનો વારો આવ્યો હતો.તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ આદર્યો હતો.


બનાવ અંગે રાજકોટમાં કરણસિંહજી હાઈસ્કૂલની પાછળ આશાપુરા રોડ પર રહેતાં રશ્મિનભાઈ ચુનીલાલ પરમાર (ઉ.વ.૫૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અલ્પેશ ગોપાલદાસ ડોંગા (રહે. નાના મવા મેઈન રોડ, સત્યમ પાર્ટી પ્લોટની પાછળ) સહિતના શખ્સોના નામ આપતાં તાલુકા પોલીસે છેતરપીંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

સત્સંગી મિત્રએ કૌભાંડી અલ્પેશનો સંપર્ક વેપારી સાથે કરાવ્યો અને શરૂ થયો ખેલ વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ આશાપુરા મેઈન રોડ ઉપર રંગુન કલોથ સ્ટોર નામથી કાપડની દુકાન ચલાવી વેપાર કરે છે.

આઠેક વર્ષ પહેલા મનસુખભાઈ કરમણભાઈ ગોરસંદીયા જેઓ સ્વામિનારાયણ સત્સંગી હોય અને તેઓ અવાર નવાર સત્સંગમાં ભેગા થતા હોય ત્યારે અલ્પેશભાઈ દોંગા અને તેની શ્રી મની પ્લસ શરાફી સહકારી મંડળી વિશે વાત કરેલ હતી. તેઓ મનસુખભાઈ ગોરસંદીયા સાથે અલ્પેશભાઈ દોંગા પાસે શ્રી મની પ્લસ શરાફી સહકારી મંડળીની નાના મવા મેઈન રોડ પર સંભવ કોમલેક્સમાં આવેલ.

ત્યાં ગયેલ અને અલ્પેશ દોંગાએ શ્રી મની પ્લસ શરાફી મંડળી વિશે વાત કરેલ અને જણાવેલ કે, અમારી સહકારી મંડળી ગુજરાત સહકારી અધિનિયમ હેઠળ નોંધાયેલ છે અને તમે અમારી સહકારી મંડળીમાં એફ.ડી. કરાવશો તો તમને વર્ષના ૧૨ ટકા લેખે વળતર મળશે અને છ વર્ષમાં તમારી મુડી પરત મળી જશે અને જો વહેલા એફ.ડી. ઉપાડવી હોય તો એક મહિના અગાઉ જાણ કરશો એટલે તમને તમારા રૂપિયા પરત મળી જશે.

# બોર્ડના પેપરોની તપાસણીમાં પ્રથમ દિ'એ ૩૫% શિક્ષકોની ગેરહાજરી; નોટીસો ફટકારાશે

રાજકોટ તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૦ અને ૧૨ સાયન્સની પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા પણ આવતીકાલે તા.૧૩ને ગુરૂવારના રોજ સંસ્કૃતનું પેપર લેવાની સાથે વિધીવત રીતે પૂર્ણ થનાર છે.

દરમ્યાન શિક્ષણ બોર્ડ દ્વારા આજથી ધો.૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના પેપરોની તપાસણી રાજકોટ સહિત રાજયભરના નિયત કરાયેલા મૂલ્યાંકન કેન્દ્રો પર આરંભી દેવામાં આવી છે.

બોર્ડના પેપરોની તપાસણીના આજે પ્રથમ દિવસે ૩૫ ટકા શિક્ષકોની ગેરહાજરી રહેવા પામી હતી. મૂલ્યાંકન કેન્દ્રોના સંચાલકો દ્વારા પેપર તપાસણીમાં ગેરહાજર રહેનારા શિક્ષકોને ટેલીફોન કરી હાજર થવા તાકીદ કરવામાં આવી હતી. આ ગેરહાજર રહેનારા શિક્ષકોમાં મોટાભાગે ખાનગી શાળાઓના શિક્ષકોનો સમાવેશ થાય છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે બોર્ડના પેપરોની આ તપાસણીમાં જે શિક્ષકો ગેરહાજર રહ્યા છે તેઓને શિક્ષણ બોર્ડ દ્વારા નોટીસો ફટકારવામાં આવશે. ગુટલી મારનારા આવા શિક્ષકોએ રજા મંજુર કરવા સબબ અવનવા બહાના તળે કેન્દ્ર સંચાલકોને અરજીઓ કરી છે. જોકે મૂલ્યાંકન કેન્દ્રો પર ગેરહાજર રહેનારા શિક્ષકોના મુદ્દે કેટલાક કેન્દ્ર સંચાલકો દ્વારા શિક્ષણ બોર્ડને રીપોર્ટ આજે પ્રથમ દિવસે જ કરી દેવામાં આવેલ હોવાનું જાણવા મળ્યું છે. દરમ્યાન ઉનાળાનો આકરો તાપ શરૂ થયો હોય જેના પગલે કેટલાક શિક્ષકોએ પેપર તપાસણીનો તેમનો સમય બદલાવેલ છે. પેપર તપાસણીનો સમય સવારના ૧૧થી સાંજના ૫-૧૦ કલાકનો નિયત કરવામાં આવેલ છે.

જેમાં આવતીકાલે હોળી નિમિત્તે સવારના ૮થી બપોરના ૧ કલાક સુધી મૂલ્યાંકન કેન્દ્રો પર પેપરોની તપાસણી કરાશે. જયારે તા.૧૪ના રોજ ધૂળેટીની રજા જાહેર કરવામાં આવેલ હોય આ દિવસે મૂલ્યાંકન કેન્દ્રો પર પેપરોની તપાસણી થશે નહીં.

શિક્ષણ બોર્ડ દ્વારા મૂલ્યાંકન કેન્દ્રો માટે ખાસ નિયમો જાહેર કરવામાં આવેલ છે. જેમાં પેપર તપાસણીની કામગીરીના સીસીટીવી ફૂટેજ કેન્દ્ર સંચાલકોએ સાચવવાના રહેશે. પરીક્ષણ કાર્યના સ્થળે પરીક્ષકો, મોડરેટર, કોર્ડીનેટર સહિતના તમામ સ્ટાફે મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે તેમ છતા પરીક્ષણ કાર્યના સ્થળે કોઈપણ શિક્ષક કે કર્મચારી મોબાઈલનો ઉપયોગ કરતો જણાશે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

આ ઉપરાંત મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર નિયુકત થયેલા સ્ટાફે કામગીરીના સમયગાળા દરમ્યાન બોર્ડ તરફથી અપાયેલ ઓળખપત્ર લગાવીને અવશ્ય સાથે રાખવાના રહેશે. પેપરોના પરીક્ષણ માટેની ટુકડીઓએ શિક્ષણ બોર્ડની સૂચના મુજબ સીનીયોરીટીના આધારે કામગીરી કરવાની રહેશે. જો કોઈ જગ્યાએ પરીક્ષકોએ પોતાની રીતે ટુકડી બનાવ્યાનું માલુમ પડશે તો મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રના નિયામકની જવાબદારી નકકી કરવામાં આવશે. પેપર તપાસણીની કામગીરીમાં જોડાયેલા શિક્ષકો જો સમયનું પાલન નહીં કરે તો તેઓની સામે શિક્ષણ બોર્ડ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

## શ્રીમતિ એમ.ટી.ધમસાણીયા ગ્રાન્ટેડ કોલેજને બંધ કરવાની હિલચાલ સામે છાત્રોમાં નારાજગી

### કોલેજ શરૂ રાખવા એબીવીપી સંગઠનની માંગ રજુઆત





રાજકોટ તા.૧૨

શ્રીમતી એમ.ટી.ધમસાણીયા ગ્રાન્ટેડ કોલેજ ચાલુ રાખવા એબીવીપી દ્વારા ટ્રસ્ટીઓને રજુઆત કરી છે. જેમાં અ.ભા.વિ.પ. એ આજે છાત્રોનું અન્યાય સામે લડત ચલાવતું, રચનાત્મકતા સાથે પ્રશ્નોનું સમાધાન લાવતું એક માત્ર સંગઠન છે.હમણાં જ મળેલી માહિતી અનુસાર શ્રીમતી એમ.ટી.ધમસાણીયા ગ્રાન્ટેડ કોલેજ બંધ કરાવી અન્ય વિષયનો સેલ્ફ ફાયનાન્સ કોર્સ શરૂ કરવા માટે કોલેજના ટ્રસ્ટ મંડળ દ્વારા પ્રયત્નો થઈ રહ્યા છે.

જે કોલેજ છેલ્લા ૬૦ વર્ષથી ગ્રાન્ટ ઈન એડ કોલેજ તરીકે હોય અને આ કોર્સની બધી જ સીટો વિદ્યાર્થી દ્વારા દર વર્ષે ભરાય જતી હોય, જે તેની સમાજમાં માંગ દર્શાવે છે. આ બીબીએ વિષયની પુરા ગુજરાતમાં ૬ ગ્રાન્ટ ઈન એડ અને તેમાં પણ રાજકોટમાં આ વિષયની ૨ કોલેજ જ હોય.

## શહેરીજનોને રંગોના તહેવાર એવા હુતાસણી-ધુળેટી પર્વની શુભેચ્છા પાઠવતા ડો.માધવ દવે




રાજકોટઃ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલાએ શહેરીજનોને રંગોના તહેવાર એવા હુતાસણી-ધુળેટી પર્વની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે દર વર્ષે ફાગણ માસની પુનમના દિવસે, માર્ચ મહીનામાં આવતા લોકપ્રિય હિંદુ તહેવાર હોળી અને ધુળેટી માત્ર ભારતમાં જ નહી, અન્ય દેશોમાં પણ ઉત્સાહ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. વસંત ઋતુનો મુખ્ય ઉત્સવ હોળી છે અને પ્રાચીન સમયથી હોળી ઋતુ પરીવર્તનનો તહેવાર પણ રહયો છે ત્યારે આપણી ગૌરવવંતી ધર્મસંસ્કૃતી રૂપી મહાસાગરના રત્નોમાં 'પર્વો' નું અનોખુ સ્થાન છે. પરમતત્વના આનંદને બહુજનહિતાય, સુખાય ન્યોછાવર કરનાર પર્વો સરળતા અને પ્રસન્નતાથી ભર્યા ભર્યા છે. પર્વો પ્રાચીન સંસ્કૃતિના સંસ્કારને નવપલ્લવિત કરે છે. હોળીનું પર્વ ભકત પ્રહલાદની દ્રઢ ભક્તિની યાદ અપાવે છે. જે ભગવાન નો બને છે તેનું રક્ષણ સ્વયં ભગવાન કરે છે. એવી આસ્થા મજબુત થાય છે તેમજ ધુળેટી પર્વ શ્રીકૃષ્ણે વ્રજમાં ખેલેલી ધુળેટીના પ્રસંગોની યાદ અપાવે છે. ધુળેટી એટલે આનંદ-પ્રસન્નતાના રંગમાં નિર્દભપણે રંગાઈ જવુ અને માન-અપમાન કે કોઈ ભેદભાવ વગર રંગેચંગે રંગાઈ જવાનો અવસર એટલે ધુળેટી. ધુળેટીના પર્વે જન-જન રંગોની મહેફીલને મસ્ત બની ને માણે છે ત્યારે વિવિધ રંગો પણ ઈશ્વરની અમૂલ્ય ભેટ છે. હોળીને 'રંગોનો તહેવાર' પણ કહેવાય છે. આમ હોળીનો ઉત્સવ 'હોલી ડે' પ્રેમી જનતા માટે રણમાં વીરડી સમાન છે કારણ કે ઉતરાયણ પછી અને પંદરમી ઓગસ્ટ પહેલા આ એકમાત્ર મોટુ પર્વ છે. ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં હોળીને હુતાસણી થી ઓળખવામાં આવે છે. હોળીના બીજા દિવસે ધુળેટીને 'પડવો' કહેવામાં આવે છે. આસુરી શકિત પર દૈવી શકિતના વિજયનું આ પર્વ હોળી બ્રહમાંડમાં તેજનો તહેવાર પણ છે. આ તહેવાર દરમ્યાન અલગ અલગ તેજકિરણો પ્રસરે છે, જે વાતાવરણમાં અલગ અલગ રંગો અને આભારો પ્રકાશિત કરે છે.

# બિલ્ડર લોબીમાં જીવ આવ્યો; નવા બાંધકામ પ્લાન પાસ થવા લાગ્યા

**પાંચેક ફાઇલો મંજૂર કરતી ટીપી શાખા : કમ્પલીશન સર્ટીફીકેટ માટે હજુ પ્રતિક્ષા : નવા કમિશનર કોઇ રસ્તો કાઢે તેવી ડેવલપર્સને આશા**

રાજકોટ, તા. ૧૨

રાજકોટના નાના મવા રોડ પર આવેલ ટીઆરપી ગેમ ઝોનમાં ગત વર્ષના મે મહિનામાં લાગેલી ભીષણ આગની દુર્ઘટના બાદ મહાપાલિકા તંત્ર અને ખાસ કરીને ટીપી શાખામાં સ્થગિત જેવી થઇ ગયેલી અમુક કામગીરી આગળ વધે તે દિશામાં નવા કમિશનર તુષાર સુમેરા નવા પ્રયાસો કરી રહ્યા છે. તેના ભાગરૂપે ધીમે ધીમે હવે અમુક પ્રોજેકટસના બાંધકામ પ્લાનને મંજૂરી આપવાનું શરૂ કરાયાનું જાણવા મળ્યું છે.



ટીઆરપી ગેમ ઝોન અગ્નિ કાંડની ઘટનામાં બાળકો સહિતના નિર્દોષ લોકોના ભોગ લેવાયા હતા. જે દુર્ઘટના માટે ટાઉન પ્લાનીંગ વિભાગનો ભ્રષ્ટાચાર પણ જવાબદાર હોવાનું સરકારી તારણ નીકળ્યું હતું. કમિશ્નરની તત્કાલ બદલી થઇ હતી અને ટીપીઓ સહિતના અધિકારીઓ હાલ જેલમાં છે. આ બાદ સરકારે કમિશ્નર તરીકે દેવાંગ દેસાઇની નિમણુંક કરી હતી. દોઢેક મહિનો તો ટીપી અને ફાયર શાખાની કામગીરી પોલીસ કાર્યવાહીના ભય હેઠળ ચાલી હતી. મુખ્ય અધિકારીઓની ધરપકડ થયા બાદ ટીપી શાખાને લગતી મોટા ભાગની કામગીરી જે તે ઝોનના ડે.કમિશનર અને સીટી ઇજનેર હેઠળ મૂકી દેવામાં આવી હતી. બાદમાં દેવાંગ દેસાઇની બદલી થઇ છે.

ઇન્ચાર્જ ટીપીઓ તરીકે આવેલા સંતકુમાર પંડયાની પણ બદલી થોડા સમય પહેલા થઇ છે. દરમ્યાન ટીપી શાખામાં બાંધકામ પ્લાન પાસ અને કમ્પલીશનની કામગીરી સંપૂર્ણ સ્થગિત બની ગઇ છે. બિલ્ડરોએ રેલી કાઢીને સરકારને રજુઆતો કરી હતી. પરંતુ હજુ રાબેતા મુજબની કામગીરી શરૂ ન થતા અનેક બિલ્ડીંગ પ્રોજેકટ અટકયા છે અને ઘણા પાઇપલાઇનમાં જ રહી ગયા છે.

હવે ધીમે ધીમે ટીપી શાખા દ્વારા નવા બાંધકામ પ્લાન મંજૂર કરવાનું શરૂ કરવાનું છે. ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટના બાદ પૂર્વ કમિશ્નરે પણ અમુક પ્લાન મંજૂર કર્યા હતા. હવે વર્તમાન કમિશનરે પણ ઇન્વર્ડમાં રહેલ ઘણા નિયમ મુજબના પ્લાન મંજૂર કરવાની ટીપી શાખાને સૂચના આપી છે. બે મોટા પ્રોજેકટ સહિત પાંચેક પ્લાનને મંજૂરી અપાઇ છે.

જેના પરથી લાંબા સમયે નવા બાંધકામ શરૂ થવાના હોય, બિલ્ડરો માટે અચ્છે દિન આવવાની આશા છે.બિલ્ડર લોબીએ કહ્યું હતું કે તાજેતરમાં જ ઇમ્પેકટ ફીના કેસમાં ટીપી અને ફાયર શાખા વચ્ચે ખુબ સારૂ સંકલન કમિશનરે કરાવ્યું છે. હવે નાના મોટા બાંધકામ માટેના પ્લાન મંજૂર કરવાનું શરૂ કરાતા આશા વધી છે. આગામી દિવસોમાં કમ્પલીશનના પ્રશ્નો પણ ઉકેલાશે તેવી ડેવલપર્સને આશા છે.

## કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને સ્પેશિયલ પ્રોજેકટ બેઠક યોજાઇ




રાજકોટઃ કલેકટર શ્રી પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને સ્પેશિયલ પ્રોજેકટ અંગેની બેઠક યોજાઇ હતી. જેમાં જુદા જુદા અગત્યના પ્રોજેકટની ચર્ચા કરવામાં આવી હતી. જે પૈકી ઘંટેશ્વર પરાપીપળીયા એઇમ્સ જવાના રસ્તે લોકોને અગવડતા ન પડે તે માટે સરકારશ્રી દ્વારા રૂ.૪૦.૦૦ કરોડના ખર્ચે બ્રિજ બનાવવાનું કામ મંજુર કરવામાં આવ્યું હતું, તેની સમીક્ષા કરવામાં આવી હતી.

કલેકટરશ્રીએ મહુવા, સાવરકુંડલા, બગસરા, વડિયા, જેતપુર ધોરીમાર્ગ, ઉપલેટા-કોલકી-મોટી પાનેલી બાયપાસ, ધોરાજી-જામકંડોરણા-કાલાવડ હાઇ-વે, રાજકોટ શહેરમાં જામનગર રોડ પર હયાત સાંઢિયા પુલના ડિસમેન્ટલની કામગીરી, પ્રાંત અધિકારીશ્રી અને મામલતદારશ્રીના ક્વાર્ટર્સ તથા તાલુકા મથકે સ્પોર્ટ્સ ગ્રાઉન્ડની ચર્ચા કરવામાં આવી હતી.

## ધર્મેન્દ્ર રોડ સહિત વધુ ૨૩ બાકીદારોની મિલ્કતને સીલ મારી દેતી ટેક્સ શાખા : ૯૬ લાખની રીકવરી

### બ્રાહ્મણીયાપરા અને ૮૦ ફુટ રોડ ઉપર બે નળ જોડાણો પણ કટ કરી દેવાયા



રાજકોટ, તા. ૧૨

માર્ચ એન્ડ નજીક આવી રહ્યો છે ત્યારે મહાપાલિકાની વેરા વસુલાત ઝુંબેશ વધુ વેગવંતી બનાવાઇ છે અને રીકવરી ઝુંબેશ અંતર્ગત આજે બપોર સુધીમાં વેરા વસુલાત શાખાએ કડિયા નવલાઇન શેરી નં.૭માં બે, ધર્મેન્દ્ર રોડ ઉપર આવેલ શિંગાળા ચેમ્બર્સમાં સેકન્ડ ફ્લોર ઉપર ૪ મિલ્કત તથા ભાભા બજારમાં એક યુનિટ અને સોની બજારમાં આવેલ વ્રજ શાંતિ ગોલ્ડ પેલેસના સેકન્ડ ફ્લોર ઉપર એક મિલ્કત તથા લક્ષ્મણનગર શેરી નં.૩માં એક યુનિટ મળી કુલ ૧૭ મિલ્કતોને સીલ મારી દેવાયા હતા અને બ્રાહ્મણીયાપરા તથા ૮૦૦ ફુટ રોડ ઉપર બે નળ જોડાણો કટ કરી દેવાયા હતા.

આ અંગે મનપાના સુત્રોનાં જણાવ્યા મુજબ આજ રોજ બપોરે એક કલાક સુધી ૨૩-મિલકતોને સીલ મારેલ તથા ૧૭-મિલકતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી થયેલ તથા ૩-યુનિટની નોટીસ સામે રીકવરી થયેલ તથા ૨-નળ કનેકશન કપાત સામે રીકવરી થયેલ તથા ૨-નળ કનેકશન કપાત કરાયા હતા. આજના દિન ની રીકવરી રૂા.૯૬.૫૭ લાખ થઇ હતી.

૩૧ માર્ચ ૨૦૨૫ સુધી તમામ રજાના દિવસો સહિત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરા-વસૂલાત શાખાની સઘન કામગીરી ચાલુ રાખવામા આવશે. જેથી સર્વે નાગરીકોએ નોંધ લેવા જણાવાયું છે. આજની આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નરશ્રી સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજરશ્રી વત્સલ પટેલ, સિદ્ધાર્થ પંડ્યા, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઇસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરે દ્વારા કરવામાં આવેલ હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઇ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭








રિપોર્ટર :- ગૌરવ ગાજીપરા-વીરપુર

# વીરપુર આરોગ્ય વિભાગના આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્રના નવા બિલ્ડીંગમાં ભ્રષ્ટાચાર....!

## આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્ર નિર્માણ થયાના માત્ર બે જ માસમાં અનેક જગ્યાએ તિરાડો...!

- **બિલ્ડીંગને કોઈપણ પ્રકારની દિવાલથી કોર્ડન ન કરતા આવારા તત્વોનો અડો બન્યું**
- **જાગૃત નાગરિકો દ્વારા કેન્દ્ર સરકાર અને સીએમઓમાં ઓનલાઈન ફરીયાદ કરાઈ**

વીરપુર, તા. ૧૩: સરકારી બાંધકામોના કામોમાં નબળા અને ભ્રષ્ટાચારની ફરિયાદ હમેંશા ઊઠતી રહેતી હોય છે ત્યારે આવીજ ફરિયાદ રાજકોટ જિલ્લાના સુપ્રસિદ્ધ વીરપુરમાં ઉઠી છે,યાત્રાધામ વીરપુર કે જ્યાં પૂજ્ય જલારામ બાપાની જગ્યામાં દર્શન કરવા આવતા હજારો યાત્રાળુઓ તેમજ વીરપુર ગામના રહેવાસીઓના સ્વાસ્થ્ય અને આરોગ્યને લગતી સેવા માટે સરકારના અરોગ્ય વિભાગ દ્વારા બનાવવામાં આવેલ છે, આ આયુષ્માન અરોગ્ય મંદીર પેટા કેન્દ્ર વિરપુરના બિલ્ડીંગના બાંધકામમાં ભ્રષ્ટાચારની રાવ ઉઠી છે.

ગુજરાત સરકારના બજેટ અને આરોગ્ય વિભાગ દ્વારા તાજેતરમાં જેતપુર તાલુકાના ત્રણ ગામ વિરપુર, ઉમરાળી અને મોટા ગુંદાળા એમ ત્રણ ગામમાં લોકોના આરોગ્ય અને સ્વાસ્થ્યને લગતી સેવા માટે નવાણું લાખ રૂપિયા જેટલી માતબર રકમના ખર્ચે આ ત્રણેય ગામમા આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્ર નિર્માણ કરવામાં આવ્યા છે,જેમાં એક ગામમાં એક કેન્દ્ર દીઠ અંદાજીત તેત્રીસ લાખ રૂપિયા જેટલી રકમનું એક આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્રના નવા બિલ્ડીંગ બાંધકામમાં ખર્ચ થયો છે,જેમાં સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વિરપુરમાં તેત્રીસ લાખ રૂપિયાની માતબર રકમનું આયુષ્માન આરોગ્ય મંદીર પેટા કેન્દ્રના નવા બિલ્ડીંગનું બાંધકામ તાજેતરમાં જ કરવામાં આવ્યું છે,આ નવા નિર્માણ પામેલા આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્રના બિલ્ડીંગના બાંધકામમાં કોન્ટ્રાક્ટરો દ્વારા બાંધકામ ખુબજ નબળું થયુ હોવાના આક્ષેપો સાથે જાગૃત લોકો દ્વારા કેન્દ્ર સરકાર અને સી.એમ.ઓમાં ઓનલાઈન ફરિયાદ કરવામાં આવી છે ,અહીં જે બિલ્ડીંગ બાંધકામ થયુ છે ત્યાં બાંધકામમાં માલ અને મટિરિયલ વાપરવામાં આવ્યું છે તે નબળી ગુણવત્તાનું વાપરવામાં આવ્યો હોય તેવી ફરિયાદ ઉઠી છે, જેમને કારણે ચણતર તેમજ પ્લાસ્ટર નબળું થયું છે તો સાથે સાથે સિમેન્ટ અને લોખંડ પણ યોગ્ય માત્રામાં વાપરવામા ન આવ્યા હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા છે,જેમને લઈને આરસીસી કામ પણ નબળું થયુ હોવાનું સામે આવ્યું છે.

વીરપુરમાં નવા નિર્માણ પામેલા આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્રનું તૈયાર કરેલ બિલ્ડીંગ કોન્ટ્રાક્ટરો દ્વારા તા.૨૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ વિરપુર આરોગ્ય વિભાગને હેન્ડઓવર કર્યું એટલે કે આજથી બે માસ પહેલા જ આરોગ્ય વિભાગને સોંપવામાં આવ્યું છે, છતાં હજુ સુધી આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા આ આયુષ્માન આરોગ્ય મંદીર પેટા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું નથી એટલે આ આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્ર હજુ સુધી લોકોની આરોગ્ય સેવા માટે ચાલુ કરાયું નથી! નવાઈની વાતતો એછે કે વિરપુરનું આ આયુષ્માન આરોગ્ય મંદીર પેટા કેન્દ્ર હજુ શરૂ કરાયું નથી ત્યાંતો આ નવા નિર્માણ પહેલા બિલ્ડીંગમાં અનેક જગ્યાએ તિરાડો અને લાદીઓ ઉખડી જવા પામી છે ત્યારે આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્રના બિલ્ડીંગના બાંધકામમાં જબરો ભ્રષ્ટાચાર થયો હોવાની બુ આવી રહી હોવાનું સામે આવ્યું છે જેમને લઈને આરોગ્ય વિભાગનું આરોગ્ય કેન્દ્ર જ ખુદ માંદગીના ખાટલે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વિરપુરના આ નવા બેનલ આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્રમાં એક બાજુ બાંધકામમાં ભ્રષ્ટાચાર થયાનુ સામે આવ્યું છે તો બીજી બાજુ આ બિલ્ડીંગની ફરતે બાજુ કોઈ પ્રકારની દીવાલ દ્વારા કોર્ડન કરવામાં આવ્યું નથી જેમને લઈને બિલ્ડીંગની અગાસી ઉપર કે બિલ્ડીંગના પાછળના ભાગમાં આવારા તત્વો દ્વારા અવારનવાર દારૂની મહેફીલો પણ જામતી હોવાની ચર્ચાઓ લોકમુખે ઉઠવા પામી છે, ત્યારે સરકાર દ્વારા કે આરોગ્ય વિભાગ દ્વારા આ આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્રના બાંધકામમાં દરમિયાન થયેલા ભ્રષ્ટાચારીઓ સામે તપાસ કરી નકર પગલાં લેવાની જાગૃત લોકોમાં માંગ ઉઠી છે.

આ બાબતે પીએચસી મેવાસા આરોગ્ય વિભાગના મેડિકલ ઓફીસર અને વિરપુર આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્રના અધિકારી ધર્મીશા ડાવરાને પૂછતાં તેમણે જણાવ્યું હતુ કે હજુ એ બિલ્ડીંગમાં કમ્પાઉન્ડર હોલ પણ બાકી છે અને ટેરેસમાં જવા માટેની સીડી પણ ખુલ્લામાં છે એટલે અમે રાજકોટ જિલ્લા પંચાયતના પી.આઈ.યું ડિપારમેન્ટ લેખિતમાં જાણ કરી છે કે આ બિલ્ડીંગની કામગિરીથી અમને અસંતોષ છે અને હું અહીંયા નવી આવી છુ એટલે મને વધારે કઈ માહીતી ખબર ન હોય તેવો જવાબ આપ્યો હતો.

વિરપુરમાં આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્રના બિલ્ડીંગના બાંધકામ માટે આરોગ્ય વિભાગે કેટલા રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને નબળા બાંધકામ અંગે આરોગ્ય વિભાગના કાર્યપાલક ઈજનેર નાથાણીને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે આ બિલ્ડીંગ મોસ્ટલી પચીસ લાખ રૂપિયાની રકમનું બનાવવામાં આવ્યું છે અને અમેં અમારા લેવલથી તપાસ કરાવી લેશું તેવો જવાબ આપી પોતાની જવાબદારી માંથી હાથ ઊંચા કર્યા હતા.

આરોગ્ય વિભાગના એસો ઓફીસર વિજય બલવાએ જણાવ્યુ હતુ કે વિરપુરમાં આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્રના બિલ્ડીંગના બાંધકામ માટે ગુજરાત સરકારના બજેટ અને આરોગ્ય વિભાગ દ્વારા જેતપુર તાલુકાના વીરપુર, ઉમરાળી અને મોટા ગુંદાળા એમ ત્રણેય ગામમાં આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્રના બિલ્ડીંગના બાંધકામ માટે નવાણું લાખ જેટલા માતબર રકમની ગ્રાન્ટ ફળવાય હતી જે ત્રણેય ગામ દીઠ તેત્રીસ- તેત્રીસ લાખ જેટલી રકમની થાય છે પરંતુ આરોગ્ય વિભાગના કાર્યપાલક ઈજનેર માત્ર પચીસ લાખ રૂપિયાની ગ્રાન્ટ જણાવે છે ત્યારે જોવાનું એ રહ્યું કે પ્રજાના ટેક્સના પૈસાથી બનાવવામાં આવતા આયુષ્માન આરોગ્ય મંદીર કેન્દ્રનું બિલ્ડીંગના નબળા બાંધકામમાં ભ્રષ્ટાચાર અંગે સરકાર અરોગ્ય અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કોઈ કડક કાર્યવાહી કરશે કે કેમ !? તેવી જાગૃત લોકોમાં ચર્ચાઓ જાગી છે.

# કોડીનારના ઘાંટવડમાં ચાર સ્થળોએથી ગેરકાયદેસર ખનીજ ખનનના કૌભાંડનો પર્દાફાશ થયો, ખનીજચોરોને ૭૫ કરોડનો દંડ ફટકારાયો





અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

## ■ જીલ્લા કલેકટરની દેખરેખ હેઠળ ખનીજચોરો ઉપર તંત્રની એરસ્ટ્રાઈક સમાન કાર્યવાહીથી ફફડાટ

કોડીનાર, તા. ૧૩ઃ ગીર સોમનાથના કોડીનાર પંથકના ઘાંટવડ ગામ વિસ્તારમાં જુદા જુદા ચાર સ્થળોએ ગેરકાયદેસર ખનીજ ખનન ઉપર જિલ્લા કલેકટરની સૂચનાથી તંત્રની ટીમોએ દરોડો પાડી ૧૪.૯૩ લાખ મેટ્રિક ટન લાઈમસ્ટોન ખનીજની ગેરકાયદેસર રીતે ચોરી થઈ હોવાનો પર્દાફાશ કર્યો છે. આ મામલે ખનીજચોરોને ૭૫.૨૩ કરોડનો દંડ ફટકારી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ખનીજચોરી કરતા તત્વોમાં ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે.

ગીર સોમનાથ કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની સીધી દેખરેખ હેઠળ રેવન્યૂ તથા ખાણ અને ખનીજ કચેરીની સંયુક્ત ટીમ દ્વારા કોડિનાર પંથકમાં ચાલતી ખનીજચોરી ઉપર એર સ્ટ્રાઈક સમાન કડક કાર્યવાહી કરી છે. જેમાં ઘાટવડના ખાનગી માલીકીના સર્વે નં-૩૨૩ પૈકી ૧ વાળી જમીન નામે મસરીભાઈ ભાયાભાઈ બાંભણીયા દ્વારા કોઈ પણ પ્રકારની મંજૂરી વગર ગેરકાયદેસર રીતે બિલ્ડીંગ લાઈમસ્ટોન ખનીજ ખનન કરવામાં આવેલું હોવાથી તે વિસ્તારની માપણી હાથ ધરતા કુલ-૩,૦૭,૫૩૩ મે.ટન ખનીજ ચોરી કરેલ હોવાનુ માલૂમ પડ્યું હતું. જેની ખનીજ કિંમત રૂ. ૧૫.૪૯ કરોડની દંડ ફટકારવામાં આવ્યો છે. આવી જ રીતે ખાનગી માલીકીના સર્વે નં-૩૩૪ પૈકી ૧ વાળી જમીન નામે સુલેમાન વલી ચૈહાણ તથા અન્ય દ્વારા કોઈ પણ પ્રકારની મંજૂરી વગર ગેરકાયદેસર રીતે બિલ્ડીંગ લાઈમસ્ટોન ખનીજ ખનન કરેલ હોઈ સદરહું વિસ્તારની માપણી હાથ ધરતા કુલ-૫,૪૦,૫૬૨ મે.ટન ખનીજ ચોરી કરેલ હોવાનુ માલુમ પડ્યું હતું. જેની ખનીજ કિંમત રૂ. ૨૭.૨૪ કરોડની દંડ ફટકારવામાં આવ્યો છે.

આ ઉપરાંત ખાનગી માલીકીના સર્વે નં-૩૦૩ વાળી જમીન નામે ભાણાભાઈ ભીખાભાઈ સિંગડ તથા અન્ય દ્વારા કોઈ પણ પ્રકારની મંજુરી વગર ગેરકાયદેસર રીતે બિલ્ડીંગ લાઈમસ્ટોન ખનીજ ખનન કરેલ હોઈ સદરહું વિસ્તારની માપણી હાથ ધરતા કુલ-૩,૧૨,૯૨૪ મે.ટન ખનીજ ચોરી કરેલ હોવાનું માલુમ પડ્યું હતું. જેની ખનીજ કિંમત રૂ.૧૫.૭૭ કરોડનો દંડ ફટકાર્યો છે. જ્યારે ખાનગી માલીકીના સર્વે નં-૩૦૧ પૈકી ૪ વાળી જમીન નામે નથુભાઈ રામભાઈ પરમાર તથા અન્ય દ્વારા કોઈપણ પ્રકારની મંજૂરી વગર ગેરકાયદેસર રીતે બિલ્ડીંગ લાઈમસ્ટોન ખનીજ ખનન કરેલ હોઈ સદરહું વિસ્તારની માપણી હાથ ધરતા કુલ-૩,૩૨,૧૦૭ મે.ટન ખનીજ ચોરી કરી હોવાનું માલુમ પડ્યું હતું. જેની ખનીજ કિંમત રૂ.૧૬.૭૩ કરોડની દંડ ફટકાર્યો છે. આમ ચાર સ્થળોએ કુલ ૧૪,૯૩,૧૨૬ મેટ્રિક ટન લાઈમસ્ટોનની ખનીજ ચોરી બદલ કુલ રૂ. ૭૫.૨૩ કરોડની દંડની રકમ વસૂલવા બાબતે તંત્ર દ્વારા નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ધોરાજી માધવ ગૌસેવા ટ્રસ્ટ-દ્વારા ગૌશાળાના ગાયોના છાણથી વૈદિક પરંપરા મુજબ હોલિકા દહન

ધોરાજી, તા. ૧૩ઃ ધોરાજી માધવ ગૌસેવા ટ્રસ્ટ-દ્વારા ગૌશાળાના ગાયોના છાણ થી વૈદિક પરંપરા મુજબ હોલિકા દહન ગુરુવારે સાંજે યોજાશે


ધોરાજીના ખરાવડ પ્લોટ ખાતે આવેલ માધવ ગૌશાળાના ભુપતભાઈ કોયાણી એ યાદીમાં જણાવેલ કે ગુરુવારે ફાગણ સુદ ૧૫ પૂનમ ગુરુવાર ના રોજ હોળીના તહેવાર નિમિત્તે માધવ ગૌ શાળાની ગાયોના છાણમાંથી માધવ મહિલા



સત્સંગ મંડળ દ્વારા છાણા થાપી ભારતીય સંસ્કૃતિ તેમજ હિન્દુ ધર્મની પરંપરા મુજબ વૈદિક હોળી પ્રગટાવવાનું આયોજન કરેલ છે. આ હોળી ઉપર પૂર્ણ કદની હોલિકા બેસાડવામાં આવશે. હોળીને રંગબેરંગી કલર તથા ફૂલોથી શણગારી રંગોળી પૂરવામાં આવશે. ગુરુવાર ના રોજ સાંજના૦૮:૩૦ કલાકથી ભવ્ય આતશબાજી તેમજ ભૂદેવ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પૂજન વિધિ બાદ હોલિકા દહન ડીજેના તાલે હોળીના ગીતોથી થશે. તો દરેક ધર્મપ્રેમી ભાઈઓ તથા બહેનોને પધારવા માધવ ગૌ સેવા ટ્રસ્ટ ધોરાજી હાર્દિક આમંત્રણ પાઠવે છે.

# જુનાગઢ મહાનગરના નવનિયુક્ત પ્રમુખ અને પદાધિકારીઓ ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાતે

જૂનાગઢ, તા. ૧૩ઃ ગુજરાતમાં હાલમાં જ સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ ગઈ છે અને ત્યારબાદ ગુજરાત પ્રદેશ ભાજપાએ દરેક જિલ્લા મહાનગરના સંગઠન પ્રમુખો જાહેર કર્યા છે ત્યારે જુનાગઢ મહાનગરપાલિકાની ચુંટણી ભાજપે સંપૂર્ણ બહુમતીથી જીતી છે ત્યારે આજે ગાંધીનગર ખાતે પ્રદેશ સંગઠનના મહામંત્રી રત્નાકરજી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ મંત્રી મુળુભાઈ બેરા,રાઘવજીભાઈ પટેલ,કુંવરજીભાઈ બાવળિયા, હર્ષભાઈ સંઘવી, પ્રફુલભાઈ પાનસેરિયા, વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઇ ચૌધરી, કિરીટસિંહ રાણા,






યોગ બોર્ડના ચેરમેન શિશુપાલજી સાથે જુનાગઢ મહાનગરના નવનિયુક્ત પ્રમુખ ગૌરવ રુપારેલિયા, ધારાસભ્ય સંજય કોરડીયા, પૂર્વ પ્રમુખ પુનિત શર્મા નવનિયુક્ત મેયર ધર્મેશ પોશિયા, ડે,મેયર આકાશ કટારા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પલ્લવીબેન ઠાકર,શાસક પક્ષના નેતા મનન અભાણી તથા દંડક કલ્પેશ અજવાણીએ શુભેચ્છા મુલાકાત કરી હતી તેમ મિડિયા વિભાગનાં સંજય પંડ્યાની યાદી જણાવે છે.

# જુનાગઢમાં હોળી નિમિતે જરૂરીયાતમંદ ૫૫ કુટુંબોને વિનામુલ્યે અનાજ વિતરણ કરાયું



જૂનાગઢ, તા. ૧૩ઃ શ્રી જુનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ જુનાગઢ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે જરૂરીયાતમંદ કુટુંબોને વિનામુલ્યે અનાજ વિતરણ કરવામાં આવે છે.

તો તેનાં અનુસંધાને આ વખતે માર્ચ મહિનામાં અને હોળી (ધુળેટી)નાં તહેવાર નિમિતે તા.૦૯૦૩૨૦૨૫ ને રવિવારનાં રોજ સ્થળ આદર્શ પ્રાયમરી સ્કુલ દુબડી પ્લોટ,ગરબી ચોક જુનાગઢ ખાતે જરૂરીયાતમંદ ૫૫ (પંચાવન) કુટુંબોને વિનામુલ્યે તેલ, ખીચડી, ખાંડ, ચણાની દાળ,ચણા, ચોખાનાં પૌવા, ચાની ભુકી, ચટણી, હળદર, ધાણાજીરૂ, ખજુર, મમરા,ન્હાવાનો સાબુ, કપડાં ધોવાનો સાબુ, કપડાં ધોવાનો પાવડર, મોટી ધાણી, નાની ધાણી,મસાલા દાળીયા, સાદા દાળીયા, નિમક(મીઠું), પારલે બિસ્કીટ કુલ ૨૧ (એકવીસ) આઇટમ આપવામાં આવેલ હતી. આ અનાજ, ખજુર, ધાણી, મમરા વિતરણનાં પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જુનાગઢનાં નામાંકિત આગેવાનો જેમાં ચાર્ટર્ડ એકાઉન્ટ શ્રી મેહુલભાઈ દતા સાહેબ, આર્ય વીર દળ-જુનાગઢનાં અધ્યક્ષ શ્રી દિપકભાઈ આર્ય,આદર્શ પ્રાયમરી સ્કુલ-જુનાગઢનાં સંચાલક શ્રી મેહુલભાઈ પરમાર સાહેબ, હરસુખભાઈ પાલા, રમણીકભાઈ ચલ્લા, દેવીબેન દવે, ઈન્દુબેન ખાણદર, કુંજનબેન સોલંકી, મિતલબેન રાડા, રમીલાબેન ઘુચલા, રોશનીબેન ઘુચલા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. તમામ ઉપસ્થિત મહેમાનોએ આ સંસ્થાની સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી. આ સેવાકીય કાર્યને સફળ બનાવવાં સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# NDF માર્કેટમાં ડોલરની માંગ વધી, RBIનો હસ્તક્ષેપ છતાં રૂપિયામાં સતત નબળાઇ

## ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ડોલર સામે રૂપિયામાં ૪.૫ ટકાનો, ૨૦૨૫માં ૧.૯૭ ટકાનો ઘટાડો



અમદાવાદ નોન-ડિલિવરેબલ ફોરવર્ડ (એનડીએફ) માર્કેટમાં યુએસ ડોલરની મજબૂત માંગને કારણે ડોલર સામે રૂપિયો તીવ્ર ઘટાડો થયો. ગયા સોમવારે રૂપિયો ૦.૫૨ ટકા નબળો પડયો હતો, જે બે અઠવાડિયામાં સૌથી મોટો ઘટાડો હતો.

એક ખાનગી બેંક ડીલરે જણાવ્યું હતું કે, આ અઠવાડિયે લગભગ ૩-૪ બિલિયન ડોલર એનડીએફ પાકશે, જેના કારણે ડોલરની માંગ વધુ છે. એશિયન કરન્સીમાં રૂપિયાનું પ્રદર્શન સૌથી ખરાબ રહ્યું છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન રૂપિયામાં ૪.૫ ટકાનો ઘટાડો થયો છે. ૨૦૨૫માં ડોલર સામે રૂપિયામાં ૧.૯૭ ટકાનો ઘટાડો થયો છે. ડિસેમ્બરના અંતમાં સેન્ટ્રલ બેંક પાસે ૬૭.૯ બિલિયન ડોલરની ટૂંકી સ્થિતિ હતી. એનડીએફ માર્કેટ ઊંચા ભાવો દર્શાવી રહ્યું હતું અને સારી આર્બિટ્રેજ તકને કારણે ખરીદીમાં રસ વધ્યો હતો, પરંતુ ૮૭.૩૦થી ૮૭.૩૫ની આસપાસ, રિઝર્વ બેંકે સરકારી અને વિદેશી બેંકો દ્વારા પણ હસ્તક્ષેપ કર્યો હતો.

વ્યાપક ભૂરાજકીય અનિશ્ચિતતા વચ્ચે યુએસ રોજગાર ડેટામાં ધીમી રોજગાર વૃદ્ધિ અને બેરોજગારી વધી હોવાથી ડોલર ઈન્ડેક્સ ૦.૧૩ ટકા ઘટયો છે. ચીનમાં ડિફ્લેશનની ચિંતાઓ વચ્ચે યુઆનનો ઘટાડો અન્ય એશિયન ચલણો પર પણ દબાણ લાવે છે. એપ્રિલમાં ઊંચી આયાત જકાતને કારણે ભારત પર અમેરિકાના પ્રતિશોધાત્મક જકાતનું જોખમ વધારે છે, જેના કારણે રૂપિયામાં ઘટાડાનું જોખમ વધ્યું છે. જોકે, ડીલરોએ જણાવ્યું હતું કે યુએસ પેરોલ્સ ડેટા રૂપિયા પર દબાણ લાવ્યો નથી કારણ કે ઈર્મ્નિ ફોરવર્ડ બુક નોંધપાત્ર રીતે ટૂંકી છે અને આ બજારને સંકેત આપી રહ્યું છે કે રૂપિયામાં વધારો થવાની બહુ તક નથી, જેના કારણે ચલણ નબળું પડી રહ્યું છે. એક ખાનગી બેંક ડીલરે જણાવ્યું હતું કે જ્યાં સુધી બજારમાં વાસ્તવિક પ્રવાહ ન આવે ત્યાં સુધી રૂપિયો વધવાની શક્યતા ઓછી લાગે છે.




# વોકહાર્ટ હોસ્પિટલની દર્દીઓની સારવારના નામે લૂંટ

રાજકોટ, તા. ૧૩ઃ તાલાલા તાલુકાના આંકોલવાડી ગીર ગામનો એક પરીવાર જે વર્ષોથી વ્યવસાય અર્થે રાજકોટ સ્થાયી થયો છે તેઓની સાથે વોકહાર્ટ હોસ્પિટલમા એક ગજબનો કિસ્સો બન્યો છે. એક નાનુ બાળક સેન્ટમેરી સ્કૂલમા સ્પોટ્ર્સ ગેમ્સ રમીને તેઓના માતા સ્કૂલેથી તેડીને ઘરે પરત ફરી રહ્યા ત્યારે સ્કૂટર સ્લીપ થતા બાળક સાથે બાળકને હાથમા ઈજા પહોચી હતી જેથી તેઓ બાળકને લઈ નજીકમા આવેલી વોકહાર્ટ હોસ્પિટલ પહોચ્યા હતા અને ત્યા ઈમરજન્સી વોર્ડમા જઈ સારવાર શરૂ કરાવી હતી. જે તે ડોક્ટર આવીને બાળકની ઈજા અંગે તપાસ કરી તેઓના સગાને જણાવ્યુ કે આમા ટાંકા (સ્નીચ) લેવા પડશે તમારી પાસે ઈન્સ્યોરન્સ છે જેથી તેઓના દાદાએ કહ્યુ કે હા અમારી પાસે હેલ્થ ઈન્સ્યોરન્સ છે.જે બાદ ડોક્ટરોએ આ બાળકની સમાન્ય સર્જરી કરી હતી. પરંતુ નવાઈની બાબત એ છે કે બાળક ઈજા વગર બધી રીતે સ્વસ્થ હોવા છતા હોસ્પિટલ મેનેજમેન્ટ તરફથી કહ્યુ કે ઈન્સ્યોરન્સ છે એટલે એક દિવસ એડમિટ રાખવુ પડશે જેથી બાળકના પરિવારે સહમતિ દર્શાવી કે કોઈ વાંધો નહી. જયારે બાળકને હોસ્પિટલથી ડિસ્ચાર્જ કરવામા આવ્યો ત્યારે જે હોસ્પિટલ મેનેજમેન્ટે બિલ આપ્યુ તેમા ઈન્સ્યોરન્સ કંપનીએ ચૂકવેલ કુલ કિમંત જોઈને તેમનો પરિવાર ચોંકી ગયો હતો. નવાઈની બાબત એ હતી કે આવી ઈજાઓમા સામાન્ય રીતે સર્જરી ચાર્જ સારામા સારા ડોક્ટરનો ૫ થી ૭ હાજર રૂપિયા હોય પરંતુ આ બિલમા રૂ. ૬૧,૦૦૦ ચાર્જ લગાવામા આવ્યો.એનેસસ્થિયા માઈનોર ટ્રીટમેન્ટ માટે માત્ર હાથ ખોટો કરવા આપવામા આવ્યો હતો જેને બદલે ૪ વખતનો રૂ. ૧૧૦૦૦ દર્શાવાયો. આવા અનેક ચાર્જ લગાડવા અલગ અલગ પ્રકારના ડોક્ટરોનો વિઝિટ ચાર્જ લગડવામા આવ્યો છે. આવા ખોટા અનેક પ્રકાર જરૂરિયાત વગરની સારવારના ચાર્જ લગાડવામા આવી ઈન્સ્યોરન્સ કંપનીએ આ બિલ મંજૂર પણ તાત્કાલિક





કરી આપવામા આવ્યુ છે.

બીજી નવાઈની બાબત એ છે આ બાળકને તા.૪-૩-૨૫ ના સાંજે ૭.૩૦ વાગ્યે સારવાર અર્થે લઈ જવામા આવ્યો હતો પરંતુ બિલની અંદર તા.૪-૩-૨૫ ના સવારે ૧૧ વાગ્યે જ સારવાર શરૂ કરવાનુ દર્શાવ્યુ છે જે તદ્દન ખોટુ છે.


હોસ્પિટલએ બાળકના સગા પાસેથી હોસ્પિટલમા દાખલ થવાના સમયે ૧૦,૦૦૦ ડિપોજીટ જમા લીધી હતી પરંતુ બિલમા ૨૩,૦૦૦ જેટલી રકમ ઇન્સ્યોરન્સ કંપનીએ મંજૂર ના કરેલ હોવાથી દર્દીના સગાએ આપ્યા હોવાનુ દર્શાવ્યુ છે જે તદ્દન ખોટી માહિતી આપી છે.

હદ તો ત્યાં વટાવી કે જમા કરાવેલ ડિપોઝિટ પણ દર્દીના સગાને પરત ના કરી.

દર્દીઓને હેલ્થ ઈન્સ્યોરન્સ હોય એટલે મોટા ભાગની હોસ્પિટલો સારવારની જરૂર ના હોય કે ના હોય પોતાના ટાર્ગેટ પૂર્ણ કર્યા વગર દર્દીને રજાઓ આપતા નથી તે કડવી વાસ્તવિકતા છે અને આવા કિસ્સાઓમા હોસ્પિટલ મેનેજમેન્ટ અને હેલ્થ ઇન્સ્યોરન્સ કંપનીઓના કર્મચારીઓની સાથગાંઠથી કંપનીના નામે દર્દીઓના પૈસાની ખુલ્લેઆમ લૂંટો વ્હાઇટકોલર ગુંડાઓ કરે તે ખૂબ શરમજનક છે.

રાજયસરકારના આરોગ્ય વિભાગે થોડા સમય પહેલા જ એક પરિપત્ર બહાર પાડેલો છે કોઇ પણ હોસ્પિટલ દર્દીઓને કોઈ ચોક્કસ મેડિકલ પરથી દવાઓ લેવા દબાણ નહીં કરી શકે ત્યારે રાજકોટની એક પણ હોસ્પિટલ હજુ સુધી આ બાબતે પોતાની મનમાની ચલાવી રહી છે. દર્દીઓને હોસ્પિટલના જ મેડિકલ સિવાયની




# વોકહાર્ટ હોસ્પિટલનો લૂલો બચાવ



દર્દી તેના સગાએ હોસ્પિટલને છેલ્લા ચાર દિવસથી વારંવાર રજૂઆત કરી છે મેડીકલેમમાં મોંઘુદાદ એક લાખ ૬૦ હજાર ઉપરનું બિલ બનાવીને હોસ્પિટલે દર્દીની મજબૂરીનો લાભઉઠાવ્યો છે છતાં દર્દીએ હોસ્પિટલ મેનેજમેન્ટ બિલની રકમને સુધારવાની રજૂઆત વોકહાર્ટ હોસ્પિટલ મેનેજમેન્ટ માન્ય રાખી ન હતી દર્દીએ સમગ્ર મામલો મીડિયા સમક્ષ ઉઠાવ્યો છે. જરૂ જણાય છે તો દર્દીના સગા આગળ કાર્યવાહી કરવાના પગલા ભરશે. આ દરમિયાન રાજ્યની અંદર ખાનગી હોસ્પિટલ આયુષ્માન કાર્ડ અને મેડિકલેમ હેઠળ ખુલી લૂંટ ચલાવી રહ્યાના કિસ્સાઓ છાશવારે પ્રકાશમાં આવતા હોય છે મેડીકલેમ અંતર્ગત દર્દીને ખોટું બનાવીને પધરાવી દેવાની પણ અને ખૂબ વખત ફરિયાદો દર્દીના સગા દ્વારા કરવામાં આવતી હોય છે રાજકોટ સહિત રાજ્યના અલગ અલગ શહેરોમાં આયુષ્માન કાર્ડમાં ખોટા બિલ બનાવવાના કૌભાંડ મોટાપાયે ચાલી રહ્યાના કિસ્સાઓ અવારનવાર પ્રકાશમાં આવી રહ્યા છે.

## વોકહાર્ટ હોસ્પિટલે કઇ રીતે લૂંટ કરી ?

| | |
|---|---|
| ડો. હાર્દિક ધમસાણિયાની ફી | ૬૧,૧૨૦ |
| સર્જરી ચાર્જ | ૨૧,૪૦૦ |
| ડો.ભાવિક ભૂવા ચાર્જ | ૧૧,૦૦૦ |
| એસો.ડો.સર્જન ચાર્જ | ૧૫,૦૦૦ |
| ઇમર્જન્સી સર્જરી ચાર્જ | ૩,૨૧૦ |
| ઇમર્જન્સી સર્જન ચાર્જ | ૯૧૬૮ |
| ઇમર્જન્સી એનેસ્થેસિયા ફી | ૧૬૫૦ |
| ઇમર્જન્સી એસો.સર્જન ચાર્જ | ૨૨૫૦ |
| ફાર્મસી ચાર્જ | ૩૦૪૪ |
| **કુલ બિલ** | **રૂ.૧,૬૦,૯૧૦** |

## કેશલેસ હોવા છતાં રૂ. ૧૦ હજાર રોકડ વસુલાયા

બાળકના દાદાએ જણાવ્યું હતું કે અમને મેડિકલેમ અંગે પૂછવામાં આવતા અમે મેડિકલેમ હોવાનું જણાવ્યું હતું. જેથી અમને ૨૪ કલાક એડમિટ થવા માટે કહેતા અમે હા પાડી હતી. રાત્રે ૧૦ વાગ્યા પછી પૌત્રને સ્ટિચ લેવા ઓપરેશન થિયેટર અંદર લઈ ગયા હતા. અને એકાદ કલાકમાં રૂમમાં શિફ્ટ કરી દીધો હતો. સવારે તેને ખૂબ સારું હતું અને તે બોલતો ચાલતો અને હરતો-ફરતો હોવાથી અમે રજા માટે પૂછ્યું હતું. ત્યારે ૨૪ કલાક થયા બાદ સાંજે રજા આપવાનું સ્ટાફ દ્વારા જણાવાયું હતું. બાદમાં સાંજે ૭ વાગ્યાના સુમારે ૨૪ કલાક પૂરા થતા અમે ફરી રજા આપવા કહ્યું હતું. આ દરમિયાન કેશલેસ સારવાર હોવા છતાં રૂ. ૧૦ હજાર રોકડ વસુલાયા હતા. જેમાંથી માત્ર રૂ. ૧૪૦૦નું રિફંડ આપવામાં આવ્યું હતું.

## દર્દીના સગાની મજબૂરીનો લાભ ઉઠાવાયો : રોહિતસિંહ રાજપૂત



કોંગ્રેસના પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે જણાવ્યુ કે અમે ઘટનામાં પીડિત પરિવારની સાથે છીએ. હોસ્પિટલમાં સારવારના નામે દર્દીઓના સગાઓની મજબૂરીનો લાભ લેવાય છે. હોસ્પિટલોના તબીબોને પોતાના ટાર્ગેટો પુરા કરવા દર્દીઓના પરિવારોને જરૂરિયાત વગરની સારવારોનો ડર બતાવીને આર્થિક અને માનસિક પાયમાલ કરવામાં આવતા હોવાના આક્ષેપ કર્યા છે. હોસ્પિટલો અને હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીઓના કર્મચારીઓની મિલીભગતથી કંપનીઓ પાસે દરરોજ કરોડોની લૂંટ ચલાવતા હોય છે. રાજ્યસરકારના આરોગ્ય વિભાગનો પરિપત્ર છે કે દર્દીને બહારના મેડિકલોમાંથી દવાઓ લાવતા રોકી ના શકાય પરંતુ રાજકોટની એક પણ હોસ્પિટલ હજુ સુધી કોઈને દવાઓ હોસ્પિટલના મેડિકલ સિવાય લાવવા નથી દેતા હોસ્પિટલના મેડિકલો સાથે તગડા કમિશનોનો સ્વાર્થ હોય છે. જેથી દર્દીઓને મજબૂરીથી મોટા બિલોની ચૂકવણી કરવી પડે છે. અમે આવનારા સમયમાં ''ઓપરેશન મેડિકલ માફિયા'' આંદોલન કરીશું. જેમાં ખોટા તત્વોને અલગ થલગ કરીશું.

## વોક હાર્ટ હોસ્પિટલને બદલે સેલ્બી હોસ્પિટલ કહી વખાણ કર્યા

આ મામલે વોકહાર્ટ હોસ્પિટલના સેન્ટર હેડ ડો. દુષ્યંત પટેલે જણાવ્યું હતું કે, દર્દીને અહીં ઈમર્જન્સીમાં દાખલ કરવા લઈ આવ્યા હતા. મોટો ચેકો હતો અને ડસ્ટ પણ હોવાને કારણે ઈમર્જન્સી સર્જરી કરવી પડી હતી. અને સારવાર આપી બીજા દિવસે જ રજા આપવામાં આવી હતી. રજા આપ્યા બાદ ડોકટરોને પણ બતાવવા માટે આવ્યા હતા. ઈન્સ્યોરન્સ કંપનીના ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યા ત્યારે પણ વાલીઓએ સંમતિ આપી હતી. જોકે ડો.હાર્દિક ધમસાણિયાએ રૂ. ૬૧ હજારનો ચાર્જ શેનો લીધો તે જવાબ આપવામાં ગલ્લાંતલ્લાં કર્યાં હતાં. અને તમામ ચાર્જીસ નિયમ મુજબ હોવાનો લૂલો બચાવ કર્યો હતો. સેન્ટર હેડ દુષ્યંત પટેલ આ અંગે જવાબ આપવામાં નિષ્ફળ રહ્યા હતા. એટલું જ નહીં આ સેન્ટર હેડ ભાન ભૂલ્યા અને વોકહાર્ટ હોસ્પિટલને બદલે સેલ્બી હોસ્પિટલ કહી વખાણ પણ કર્યા હતા. બાદમાં મીડિયાએ ધ્યાન દોરતા પોતાની ભૂલ સ્વીકારી હતી.

# ધુળેટી-જુમ્માની નમાઝ સાથે હોવાથી શહેર પોલીસ એલર્ટઃ હેડ ક્વાર્ટરના સ્ટાફની રજા રદ

રાજકોટ. તા.૧૨

આગામી શુક્રવારે ધુળેટી અને જુમ્માની નમાઝ સાથે હોવાથી પોલીસ એલર્ટ મોડમાં આવી ગઈ છે અને હેડ ક્વાર્ટરના સ્ટાફની રજા રદ કરી દેવામાં આવી છે. તેમજ ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, એલસીબી અને તમામ પોલીસ મથકનો સ્ટાફ ખડેપગે રહેશે. ઉપરાંત તમામ પોલીસ મથક વિસ્તારમાં વધારાનો સ્ટાફ પણ ફાળવી ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.



ઉપરાંત આવતીકાલે જ સઘન પેટ્રોલિંગ હાથ ધરાશે અને તમામ વિસ્તારોમાં ખાસ નજર રાખવામાં આવશે. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, અગાઉ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આગામી ધુળેટી અને જુમ્માની નમાઝ સાથે આવતી હોવાથી રાજ્ય ભરની પોલીસને એલર્ટ કરવામાં આવી છે. ત્યારે શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા પણ ખાસ સુરક્ષા વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખાસ હેડ ક્વાર્ટરના તમામ સ્ટાફની ધૂળેટીની રજા રદ કરી દેવામાં આવી છે.

ઉપરાંત તમામ ડીસીપી, એસીપીને ખાસ જવાબદારી સોંપવામાં આવશે. જેમાં ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, એલસીબી અને તમામ પોલીસ મથકનો સ્ટાફ ખડેપગે રાખવામાં આવશે. ધુળેટીના આગલા દિવસે ખાસ સંવેદનશીલ સહિતના તમામ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ કરવામાં આવશે. તેમજ ધુળેટીનો પર્વ અને જુમ્માની નમાઝ લોકો શાંતિથી ઉજવી શકે તે માટે ખાસ એક્સન પ્લાન પણ ઘડવામાં આવ્યો છે. તેમજ તમામ પોલીસ મથકમાં શાંતિ સમીતિની બેઠકનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

ધુળેટી અને જુમ્માની નમાઝ એક જ દિવસે આવતી હોવાથી ગ્રામ્ય પોલીસ પણ એલર્ટ મોડમાં આવી ગઈ છે. જે અંગે એસપી હિમકરસિંહએ જણાવ્યું હતું કે, સુરક્ષાને લગતી તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

ધુળેટીના પર્વ પર આઈપીએસ થી કોન્સ્ટેબલ સુધીનો તમામ સ્ટાફ સતત ગ્રાઉન્ડ પર રહેશે. તેમજ રૂરલના તમામ પોલીસ મથકમાં શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી છે અને લોકોને શાંતિથી પર્વની ઉજવણી કરવાં અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉપરાંત ગોંડલ, ધોરાજી, ઉપલેટા, જેતપુર અને પડધરીને સેન્સિટિવ ઝોનમાં મુકવામાં આવ્યાં છે અને તે વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ પણ કરવામાં આવી રહ્યું છે. શહેર પોલીસ દ્વારા હેડ ક્વાર્ટરમાં દર વર્ષે ધુળેટીના પર્વ પર ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવતો હોય છે. જેમાં પોલીસ કમિશ્નર સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પરીવાર સાથે એકબીજા પર કલરની છોળો ઉડાળી પર્વની ઉજવણી કરતાં હોય છે. ત્યારે આ વર્ષે ધુળેટી અને જુમ્માની નમાઝ સાથે હોવાથી પોલીસ કમિશ્નર દ્વારા હેડ ક્વાર્ટરના સ્ટાફની રજાની સાથે પર્વની ઉજવણીનો કાર્યક્રમ પણ રદ કરી નાંખવામાં આવ્યો છે અને તમામ સ્ટાફને ખાસ શહેરમાં સુરક્ષા માટે સ્ટેન્ડબાય રહેવાની સૂચના આપવામાં આવી છે. ધુળેટી અને જુમ્માની નમાઝ એક જ દિવસે આવતી હોવાથી શહેર ભરની પોલીસ એલર્ટ મોડમાં આવી છે. ત્યારે સાયબર ક્રાઇમની ટીમ પણ ડિજિટલ મોડમાં આવી ગઈ છે. ધુળેટી પર્વ પર ખોટા તેમજ વૈમન્ય ફેલાઈ તેવાં મેસેજ કરતાં લોકો પર ખાસ નજર રાખશે અને તેવા લોકો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી પણ કરશે.


# લેન્ડ ગ્રેબીંગના ૯૭માંથી માત્ર એક જ કેસમાં FIR દાખલ કરવા લેવાયો નિર્ણય : ૨૭માં સમાધાન

## કલેક્ટર કચેરી ખાતે મળેલી બેઠકમાં ૬૮ કેસો ડ્રોપ કરાયા એક પેન્ડીંગ

રાજકોટ, તા. ૧૨

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે લેન્ડ ગ્રેબીંગ કમીટીની બેઠક જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં ૯૭માંથી રાજકોટ શહેરના માત્ર એક જ કેસમાં પોલીસ ફરિયાદ (એફ.આઇ.આર.) દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

જયારે ૨૭ કેસમાં સમાધાન થવા પામેલ હતું તેમજ ૬૮ કેસો ડ્રોપ કરવામાં આવેલ છે અને અન્ય એક કેસ પેન્ડીંગ રાખવામાં આવેલ હતો. રાજય સરકારની નવી માર્ગદર્શિકા મુજબ યોજાયેલી આ બેઠકમાં ૨૫ જેટલા અરજદારોને રૂબરૂ સુનાવણી માટે બોલાવવામાં આવેલ હતા અહીં એ ઉલ્લેખનીય છે કે લેન્ડ ગ્રેબીંગની ગત બેઠકમાં પણ માત્ર એક જ કેસમાં પોલીસ ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.




આજની બેઠકમાં પણ ૯૭માંથી માત્ર એક જ કેસમાં પોલીસ ફરિયાદ દાખલ કરવાનો કમીટી દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે. સરકારી જમીનો પર પેશકદમી અને પારકી મિલ્કતો પચાવી પાડનારાઓ સામે કાયદાનો શિકંજો કસવા માટે રાજય સરકાર દ્વારા આ કાયદો અમલી બનાવવામાં આવેલ છે.

# રૂડાએ કાલાવડ રોડ અને ૧૫૦ ફુટ રોડ ઉપર ૨૩ ધારકોનાં આવાસ રદ કર્યા

## નિયત સમયમાં દસ્તાવેજ-ભાડા કરાર નહી કરાવતા પગલુ



રાજકોટ તા.૧૨

રાજકોટ શહેરી વિકાસ સતામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈડબલ્યુએસ-૨ પ્રકારના ટી.પી.૦૯ એફ.પી.૩૩/એ, ઓમ હાઉસિંગ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી, ફિલ્ડ માર્શલ વાડીની સામે, ઈસ્કોન મંદિરની પાછળ, કાલાવડ રોડ, રાજકોટ તથા બાલાજી હાઉસીંગ કો.ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ નાગરિક સહકારી બેન્કની બાજુમાં, મોદી સ્કુલની સામે, ૧૫૦ ફુટ રિંગરોડમાં કુલ ૨૩ આવાસો આવાસ ધારકોને ફાળવેલ છે.જેમના દ્વારા રૂડાના આવાસનો દસ્તાવેજ/ભાડા કરાર આજદિન સુધી કરાવેલ ન હોઈ, આ બાબતે લાભાર્થીઓને રૂડા કચેરીએથી વારંવાર નોટીસ આપવામાં આવેલ છે. પરંતુ આજદિન સુધી આવાસ ધારકો દ્વારા દસ્તાવેજ/ભાડાકરાર કરાવેલ નથી. આ બાબતે બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આવા આવાસ ધારકોનાં આવાસો રદ કરવામાં આવેલ હતા.

ઈસ્કોન મંદિરની પાછળ-કાલાવડ રોડ ઉપર જે આવાસો રદ કરાયા હતા તેમાં એ કેટેગરીમાં ૪, બી-કેટેગરીમાં ૨, સી-કેટેગરીમાં ૯ અને ડી-કેટેગરીમાં ૩ આવાસોનો તથા ૧૫૦ ફુટ રોડ પરની આવાસ યોજનામાં એ-કેટેગરીમાં ૨, બી-કેટેગરીમાં ૨ તથા સી- એક આવાસનો સમાવેશ થાય છે.

## નવનાત વણીક સમાજ દ્વારા મહિલા દિવસ નીમીતે અનોખી ઉજવણી

# શ્રેષ્ઠ વણીક પુત્રવધુ એવોર્ડ ૨૦૨૫નું આયોજનઃ ૩૮ પુત્રવધુને સન્માનીત કરાઈ



નવનાત વણીક સમાજ દ્વારા મહિલા દિવસ નીમીતે અનોખી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રેષ્ઠ વણીક પુત્રવધુ એવોર્ડ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં ૩૮ પુત્રવધુને સન્માનીત કરાઈ હતી. નવનાત વણીક સમાજ આયોજીત રાજકોટ રાષ્ટ્રીય શાળા રાજકોટ ખાતે મહીલા દીવસ નિમીતે દેશ વિદેશમાં પ્રથમવાર નવતર પ્રયોગ ઈન્ટરનેશનલ ઈન્ચાર્જ પ્રશાંત શાહ, રાષ્ટ્રીય પ્રમુખ નવનાત વણીક સમાજ રાજકોટ, જિલ્લા પ્રમુખ યોગેશ બાવીશી, મહીલા પ્રમુખ ગુજરાત પ્રદેશ નમ્રતાબેન શાહ , રાજકોટ જિલ્લા પ્રમુખ સ્વીટીબેન મહેતા ,એન્કર બીનાબેન શેઠ તથા સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી.



# રાજકોટને પાણીની તકલીફ ન પડે તેવા પ્રયાસો સરકાર દ્વારા કરાશે

## કેનાલ રીપેરીંગ ઉનાળામાં ટાળવા ભાજપ શાસકનું ચિંતાભર્યુ સૂચન : મચ્છુ-૧નો વિકલ્પ તૈયાર કરાશે : મહાનગરમાં કોઇ સંજોગોમાં પાણી કાપ નહીં આવે-સ્ટે.ચેરમેન જયમીન ઠાકર

રાજકોટ, તા. ૧૨

એપ્રિલ માસથી રાજકોટને કેનાલ મારફત મળતું સૌની યોજનાનું પાણી સરકાર બંધ કરવાની હોય, ગઇકાલે ગાંધીનગર દોડી ગયેલા મનપાના પદાધિકારીઓ અને હોદ્દેદારોને સરકારે રાજકોટને પુરતુ પાણી મળે તેવા પ્રયાસો સરકાર કરશે તેવું આશ્વાસન આપ્યું છે.

સૌરાષ્ટ્રમાં એપ્રિલ અને મે મહિનો સૌની યોજના હેઠળનું પાણી કેનાલ રીપેરીંગ માટે બંધ થવાનું છે ત્યારે સરકારના ધ્યાને સ્થિતિ મુકવામાં આવ્યા બાદ ગઇકાલે ધારાસભ્યો, ભાજપ સંગઠન અને મહાપાલિકા ભાજપના પદાધિકારીઓ પાણી પુરવઠા મંત્રીને રૂબરૂ મળવા ગાંધીનગર ગયા હતા.

પ્રભારી મંત્રી રાઘવજીભાઇ પટેલ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયાની હાજરીમાં થયેલી ચર્ચા અંગે સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, સરકારે રાજકોટને ખુટતુ પાણી મળતું રહે તેવી વ્યવસ્થાની ખાતરી આપી છે.પાઇપલાઇન મારફત આવતા ૧૩૫ એમએલડી પાણીનો વિકલ્પ ચોકકસ આપવામાં આવશે. વાંકાનેર પાસેના મચ્છુ-૧ ડેમમાંથી ૯૦ એમએલડી પાણી મળે તો પણ વ્યવસ્થા થઇ જશે તેવી તૈયારી મનપાએ દર્શાવતા સરકારે ચિંતા ન કરવા કહ્યું છે. એકંદરે ઉનાળામાં રાજકોટને રોજ ૨૦ મીનીટ પાણી મળશે અને પાણી કાપ નહીં જ આવે. પદાધિકારીઓએ જો શકય હોય તો ઉનાળામાં કેનાલ અને પાઇપલાઇનના રીપેરીંગ ટાળીને પણ પાણી ચાલુ રાખવા  માંગણી મૂકી હતી. સરકારે નિગમ સાથે તાત્કાલીક મીટીંગ કરી



વિકલ્પો ચકાસવાનું શરૂ કર્યુ છે. જોકે મંત્રીએ રાજકોટને શકય એટલું વધુ પાણી મળે અને પાણીની કોઇ તકલીફ રાજકોટને ન પડે તેવા પ્રયાસો કરવા ખાતરી આપી હતી.સૌની યોજના હેઠળ આજી અને ન્યારી ડેમમાં પાણી ઠલવવાનું ચાલુ છે. પરંતુ ભરઉનાળે આવતા મહિનાથી સૌની યોજનાનું પાણી સદંતર બંધ થશે. સિંચાઇ વિભાગ દ્વારા કેનાલ રીપેરીંગનું મોટુ કામ કરવામાં આવનાર છે. રાજકોટને આજી, ન્યારી, ભાદર ડેમ ઉપરાંત પાઇપલાઇન મારફત પણ ૧૩૫ એમએલડી નર્મદા પાઇપલાઇનમાંથી પાણી આવે છે. બેડી, માધાપર સુધી આ પાણીનું વિતરણ થાય છે અને લગભગ ૩૩ ટકા જેટલો આ જળજથ્થો દૈનિક વિતરણ માટે મુખ્ય આધાર સમાન છે. સૌની ચોજનાના પાણીથી ડેમો ભરાય જાય તો પણ જો પાઇપલાઇન મારફત આવતું આ ૧૩૫ એમએલડી પાણી બંધ થાય તો મુશ્કેલી થાય તેમ છે. સરકાર કેનાલ ભલે બંધ કરે પરંતુ પાઇપલાઇનથી મળતું ૧૩૫ એમએલડી પાણી બંધ થાય તો તેના વિકલ્પમાં પાણી આપવાની માંગણી મૂકી છે.

વિવિધ ડેમ અને અન્ય સ્ત્રોતમાંથી  રોજ ૪૩૫ એમએલડી પાણી ઉપાડવામાં આવે છે જેની સામે ૩૯૫ એમએલડી પાણી શહેરમાં વિતરણ કરવામાં આવે છે. પાઇપલાઇનના ૧૩૫ એમએલડી સિવાયનું પાણી આજી ડેમમાંથી ૧૩૦, ન્યારીમાંથી ૧૪૦ અને ભાદરમાંથી ૩૫ એમએલડી પાણી મળે છે. હવે પાઇપલાઇનનું પાણી બંધ થાય તો મચ્છુ-૧ ડેમ નજીકથી જોડાણ આપી મનપાને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા સૂચન મૂકાયું છે. ધોળીધજાથી પાઇપલાઇનનું પાણી બંધ થાય તો તેના વિકલ્પમાં અન્ય લાઇન સાથે જોડાણ આપીને રાજકોટને આટલું પાણી આપવાની વ્યવસ્થા જરૂરી છે. ૧૩૫ના બદલે સરકાર ૧૦૦ એમએલડીની વ્યવસ્થા પણ કરી આપે તો મહાપાલિકા  અન્ય વ્યવસ્થાઓ સાથે રોજ ૨૦ મીનીટ પાણી વિતરણ ટકાવી શકે તેમ છે. આ સહિતની સ્થિતિ અને વિકલ્પો અંગે આજે રાજય સરકાર સાથે રૂબરૂ ચર્ચા કરવામાં આવી હતી.

આ રજુઆત સમયે મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસક નેતા લીલુબેન જાદવ, દંડક મનીષ રાડીયા, ભાજપ પ્રમુખ માધવ દવે, ધારાસભ્યો ઉદય કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઇ ટીલાળા, વોટર વર્કસ ચેરમેન અશ્વિન પાંભર જોડાયા હતા.

# રાજયની ખાનગી શાળાઓમાં FRCની માર્ગદર્શિકા મુજબ જ ફી નિર્ધારિત શિક્ષણમંત્રી કુબેર ડીંડોર

## ફીના મુદ્દે સંતોષ ન હોય તે હાઈકોર્ટ સમક્ષ દાદ માંગી શકે છે




રાજકોટ,તા.૧૨
રાજ્યની ખાનગી શાળાઓમાં ફી નિયમન માટે સરકાર દ્વારા ગુજરાત સ્વનિર્ભર શાળા ફી અધિનિયમ ૨૦૧૮ હેઠળ FRC ની રચના કરવામાં આવી છે. જેના, ભાગરૂપે રાજયની ખાનગી શાળાઓમાં ની માર્ગદર્શિકા મુજબ નિયત ફી નિર્ધારિત કરવામાં આવી છે તે મુજબ ફી લેવામાં આવે છે.

સ્વનિર્ભર શાળા દ્વારા જ્યારે ફી નક્કી કરવામાં આવે છે ત્યારે તેને સૌપ્રથમ FRC સમક્ષ રજૂ કરવામાં આવે છે જ્યાં યોગ્ય ચકાસણી બાદ તેને ફેરફાર સાથે મંજૂર અથવા ના મંજૂર કરવામાં આવે છે તેમ, આજે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા શિક્ષણ મંત્રી ડો. કુબેર ડિંડોરે જણાવ્યું હતું.

શિક્ષણ મંત્રી ડો. ડિંડોરે કહ્યું હતું કે, FRC સમક્ષ જ્યારે શાળા કે સંસ્થા દ્વારા ફી મંજૂર માટે માળખું રજૂ કરવામાં આવે છે ત્યારે સમિતિ દ્વારા ટ્રાન્સપોર્ટ, બોર્ડિંગ,ઘોડેસવારી જેવી અન્ય પ્રવૃતિઓની ફી મંજૂર કરવામાં આવતી નથી.

સંસ્થાએ રજૂ કરેલો ખર્ચ CA દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યો હોય છે, આમાં દ્વારા અમાન્ય ખર્ચ મંજૂર કરવામાં આવતો નથી. આ માટે રાજ્ય સરકાર દ્વારા ચાર ઝોન એટલે કે અમદાવાદમાં ૮ જિલ્લા,વડોદરામાં ૭ જિલ્લા,રાજકોટમાં ૧૧ જિલ્લા અને સુરતમાં ૭ જિલ્લાને સમાવતી FRC ફી નિયમન સમિતિ રચવામાં આવી છે. આ ઝોન કક્ષાની સમિતિમાં અધ્યક્ષ તરીકે નિવૃત્ત જિલ્લાના જજની નિયુક્તિ કરવામાં આવી છે આ ઉપરાંત સમિતિમાં CA , માન્ય સિવિલ ઈજનેર, સ્વનિર્ભર સંસ્થાના પ્રતિનિધિ, શિક્ષણ શાસ્ત્રી અને જિલ્લાના શિક્ષણાધિકારીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હાઈકોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં રાજ્ય સરકારની FRC કમિટી બનાવવામાં આવી છે જેમાં, શિક્ષણ સચિવ, નાણા સચિવ, પ્રાથમિક શિક્ષણ નિયામક વગેરેની નિયુક્તિ કરવામાં આવી છે. રાજ્ય કક્ષાની FRC સમિતિ સમક્ષ જો કોઈને સંતોષ ના હોય તો તે નામ. હાઈકોર્ટ સમક્ષ દાદ માંગી શકે છે તેમ,મંત્રીએ ઉમેર્યું હતું.

શિક્ષણ મંત્રી ડો.ડિંડોર અમદાવાદની આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા FRC સમિતિ સમક્ષ ધોરણ ૧ થી ૩માં રૂ. ૧.૪૦ લાખ ફી નિયત કરવામાં આવી હતી જે સમિતિ દ્વારા ઘટાડીને માત્ર રૂ. ૩૬ હજાર કરવામાં આવી છે જ્યારે ધોરણ ૪ થી ૬માં રૂ. ૪૧ હજાર, ધોરણ ૭ થી ૮માં રૂ. ૪૨ હજાર અને ધોરણ ૯ થી ૧૦માં રૂ. ૪૫ હજાર ફી નક્કી કરવામાં આવી છે.

# જૈનોનાં ૮ તીર્થસ્થળોને આવરી લેતી IRCTC ની જૈન યાત્રાનો ૩૧ માર્ચથી આરંભ થશે

## બાંદરા ટર્મિનસથી ઉપડશે સ્પેશ્યલ અઈ ટ્રેન, પ્રવાસીદીઠ ચાર્જ ૨૪,૯૩૦ રૂપિયા



ભારતીય રેલવેએ ભારત સરકારના દેખો અપના દેશ અને એક ભારત, શ્રેષ્ઠ ભારત વિઝનને સફળ બનાવવા હવે જૈનોનાં ૮ તીર્થસ્થળોને આવરી લેતી જૈન યાત્રાનું આયોજન કર્યું છે. ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન () દ્વારા ૮ રાત ૯ દિવસની આ જૈન યાત્રાની સ્પેશ્યલ અઈ ટ્રેન ૩૧ માર્ચે બાંદરા ટર્મિનસથી ઉપડશે.

આ ટ્રેનમાં ૭૫૦ પ્રવાસીઓ મુસાફરી કરી શકશે. ૪૫૦૦ કિલોમીટરના આ પ્રવાસમાં સમગ્ર યાત્રા દરમ્યાન ભોજન અને અન્ય સુવિધાઓ જૈન પ્રણાલી મુજબ જ રાખવામાં આવી છે. આ જૈન યાત્રા દરમ્યાન પાવાપુરી, કુંડલપુર, ગુનિયાજી, લછુઆર, રાજગીર, પારસનાથ, રુજુવાલિકા અને સમેતિશખરને આવરી લેવામાં આવશે. આ ટ્રેન બાંદરા, બોરીવલી, વાપી, વલસાડ, સુરત અને ભેસ્તાન (સુરત)થી પણ પકડી શકાશે.

આ જૈન યાત્રા માટે એક પ્રવાસી પાસેથી ૨૪,૯૩૦ રૂપિયા ચાર્જ કરવામાં આવશે. યાત્રામાં જવા માગતા જૈનો વધુ જાણકારી માટે ઈછઈઝઈ વેબસાઈટની મુલાકત લઈ શકે છે અથવા ૮૨૮૭૯ ૩૧૮૮૬ નંબર પર ફોન કરીને એ વિશે જાણકારી મેળવી શકે છે.

# કોઠારીયાની શિવધારા સોસાયટીના ૫૦ મકાનોને ટીપીની નોટીસ : કોમ્યુનિટી હોલ બનાવવાનો પ્રોજેકટ મૂકાયો!

## ૨૩ વર્ષથી રહેતા પરિવારો મનપાએ દોડી આવ્યા કોઈ જાણ પણ નહીં કરાયાનો આક્ષેપ ડે.કમિશ્નરને આવેદનપત્ર



રાજકોટ, તા. ૧૨
શહેરના વોર્ડ નં. ૧૮માં આવેલી શિવધારા સોસાયટીના ૫૦થી વધુ મકાન ધારકોને ટીપી શાખાએ ડિમોલીશનની નોટીસ આપતા ૫૦થી વધુ લોકો કોર્પોરેશને દોડી આવ્યા હતા. આ ડિમોલીશન ન કરવાની માંગણી સાથે ડે.કમિશ્નરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

આ રજુઆતમાં આગેવાનોએ જણાવ્યું હતું કે, કોઠારીયાની શિવધારા સોસાયટીની અંદર તથા રણુજા ધામમાં કોમ્યુનિટી હોલ બનાવવા માટે ૫૦ મકાન ધારકોને ટીપી શાખાએ તેમના બાંધકામ હટાવવા નોટીસ આપી છે. ટીપી-૧૨માં સામાજીક હેતુના પ્લોટમાં કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન કરાયું છે.

પરંતુ આ પરિવારો અહીં ૨૩ વર્ષથી રહે છે. ટીપી ડ્રાફટ કરતી વખતે પણ તેમને કોઈ નોટીસ આપવામાં આવી ન હતી. તા.૧૪-૭-૨૩ના રોજ ટીપી અંતિમ મંજૂર થયા બાદ આટલા લાંબા સમયે નોટીસ પાઠવવામાં આવી છે. જે નોટીસ પણ કાયદેસર ગણી ન શકાય. તા. ૫ના રોજ અપાયેલી નોટીસમાં જગ્યાનો કબ્જો લેવાની વાત કરવામાં આવી છે. તેમાં કોઈ ચતુર્દિશા આવેલ ન હોય નોટીસ રદ્દ થવાને પાત્ર છે.

કોર્પો.એ ટીપી-૧૨ કોઠારીયા ફાઈનલ કરતી વખતે પણ કોઈ જાણ કરી નથી કે વાંધા-સૂચનો મંગાવ્યા નથી. આ નોટીસ આ કારણોથી પણ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધના છે. આજ સુધી મનપાએ રસ્તા, નળ સહિતના જોડાણ સહિતની સુવિધા આપેલી છે. મિલ્કત વેરો પણ ભરે છે. આથી આ કાર્યવાહી રોકવા માંગણી કરવામાં આવી છે. આ રજુઆતમાં કોંગ્રેસ આગેવાનો નરેશ ગઢવી, રણજીત મુંધવા, નિલેશ ગોહિલ, અશ્વિનભાઈ, વિજયભાઈ, વિક્રમભાઈ, હંસાબેન, લતાવાસીઓ જોડાયા હતા.

# મવડીના બાપા સીતારામ ચોકનું સર્કલ નાનુ નહીં કરાતા જીવલેણ અકસ્માત સર્જાયો : રવિવારે ધરણા કરવા લતાવાસીઓની ચિમકી

## રીયલ પ્રાઈમના એન્ટ્રી ગેટ સામે આલાપ સોસાયટીના લોકો આંદોલન કરશે : મનપા-પોલીસ તંત્ર સામે રોષ



રાજકોટ, તા. ૧૨

મવડીના બાપા સીતારામ ચોક પાસે સર્કલ નાનુ કરવાની કાર્યવાહી મનપાને અનેક રજુઆતો છતાં ન કરવામાં આવતા એક વ્યકિતનું જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. આ સર્કલ નાનુ કરી દબાણ હટાવવામાં નહીં આવે તો લોકો રવિવારે ધરણા પર ઉતરશે તેવી ચિમકી લતાવાસીઓએ આપી છે.

તા. ૨૬-૧૨-૨૪ના રોજ લતાવાસીઓએ મનપાએ પત્ર પાઠવીને જણાવ્યું હતું કે, મોટા સર્કલ અને દબાણોના કારણે અહીં અકસ્માતનો ભય રહે છે. હવે જીવલેણ બનાવ બન્યો છે. આ સર્કલ નાનું નહિ કરવામાં આવે, આસપાસનું રેકડી અને વિસ્તારનું દબાણ હટાવવામાં નહીં આવે, રસ્તા પહોળા નહિ કરવામાં આવે અને રોડ ડામર નહિ કરવામાં આવે તો આલાપ સોસાયટીના લોકો રવિવારે ધરણા પર ઉતરશે.

મવડીના બાપા સીતારામ ચોક પર છેલ્લા કેટલાય સમય થી લોકો સર્કલ નાનું કરવામાં આવે અને ત્યાં ટ્રાફિક પોલીસ રાખવામાં આવે એવું માંગ કરવામાં આવી રહી છે. રેંકડીના દબાણો અંગે મનપા અને ટ્રાફિક પોલીસને ફરિયાદ કરવામાં આવી છે. પરંતુ કોઇ કાર્યવાહી ન થતા ગત રવિવારે એક વ્યક્તિ ને જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. તો રીઅલ પ્રાઈમ ગેટ સામેનો આલાપ મેઈન રોડ પર જો ડામર નહિ કરવામાં આવે તો લોકો ધરણા પર ઉતારવાના છે.

આ સર્કલ નાનું નહિ કરવામાં આવે અને આસપાસના પ્લોટ ધારકોનું દબાણ દુર કરી રસ્તો પહોળો નહિ કરવામાં આવે તથા બાપા સીતારામ ચોક પર ના જીવલેણ વૃક્ષો હટાવવામાં નહીં આવે તો લોકો હવે રસ્તા પર ઉતરશે. આ અંગે મનપા અને પોલીસ તંત્ર વ્હેલાસર ઘટતી કાર્યવાહી કરે તેવી માંગણી કરવામાં આવી છે.

# રાજકોટની સરકારી પોલીટેકનિક કોલેજ ખાતે યોજાયો થેલેસેમિયા સ્ક્રિનિંગ કેમ્પ

## વિદ્યાર્થીઓનું કરાયું થેલેસેમિયા પરીક્ષણ તથા કાઉન્સેલિંગ








રાજકોટ : સરકારી પોલીટેકનીક કોલેજ, રાજકોટ ખાતે ''લાઇફ થેલેસેમિયા પ્રીવેન્શન સેન્ટર'' દ્વારા વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા સ્ક્રિનિંગ કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં સંસ્થાના વિવિધ વિભાગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું થેલેસેમિયા પરીક્ષણ અને કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. કેમ્પ સાથે લાઇફ થેલેસેમિયા પ્રીવેન્શન સેન્ટરના ડો.હિના કાશીયાની દ્વારા થેલેસેમિયાને લગતા વિવિધ પ્રશ્નો અને તેના નિરાકરણ તથા થેલેસેમિયા નિયમન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સ્ક્રીનિંગ કેમ્પમાં કેમિકલ ખાતાના વડા શ્રી ડો. એ.ડી.સ્વામિનારાયણ, વિદ્યુત ખાતાના લેક્ચરર શ્રી પાર્થ રાવલ સહિત અન્ય શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે આચાર્યશ્રી ડોક્ટર એ. એસ.પંડ્યાએ લાઇફ થેલેસેમિયા પ્રીવેન્શન સેન્ટર તથા સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો, તેમ આચાર્યશ્રી સરકારી પોલીટેકિન્ક રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# રેકોર્ડ ટોચથી HUFના પોર્ટફોલિયો હોલ્ડિંગમાં ૮૭%નો ઘટાડો, FII છઠ્ઠા સ્થાને

અમદાવાદ ભારતીય શેરબજારમાં મંદીનો ભયંકર માહોલ જોવા મળી રહ્યો છે. નાના રોકાણકારોથી લઈને તમામ મોટા રોકાણકારોના પોર્ટફોલિયોમાં ભારે ખાનાખરાબી જોવા મળી છે. છ મહિનાથી ઓછા સમયમાં જ ભારતીય શેરબજારનું આખું ચિત્ર બદલાઈ ગયું છે. સપ્ટેમ્બરના અંતમાં સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે પહોંચેલા સૂચકાંકો સતત ઘટી રહ્યાં છે.



અત્રે રસપ્રદ વાત એ છે કે અન્ય કેટેગરીના રોકાણકારોની એસેટ અન્ડર કસ્ટડીમાં વધુ ઘટાડો થયો છે. હિન્દુ અવિભાજિત પરિવારો (એચયુએફ), બ્રોકર્સ, ભાગીદારી પેઢીઓ, ફોરેન કરન્સી કન્વર્ટિબલ બોન્ડ્સ (એફસીસીબી) ધારકો અને અન્ય નાણાકીય સંસ્થાઓના પોર્ટફોલિયોમાં ભારે તારાજી સર્જાઈ છે.

કેટેગરી પ્રમાણે જોઈએ તો સપ્ટેમ્બર, ૨૦૨૪ના શિખર પછીનો સૌથી મોટો ઘટાડો એચયુએફના પોર્ટફોલિયોમાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન તેમના હોલ્ડિંગમાં ૮૭ ટકાનો ઘટાડો થયો છે. બ્રોકર્સના પોર્ટફોલિયોમાં લગભગ ૮૫ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે ભાગીદારી કંપનીઓના પોર્ટફોલિયોમાં ૨૭ ટકાનો ઘટાડો થયો છે. એફસીસીબી ધારકોના પોર્ટફોલિયોના મૂલ્યમાં ૨૬.૫ ટકાનો ઘટાડો થયો છે અને નાણાકીય સંસ્થાઓના પોર્ટફોલિયોના મૂલ્યમાં ૨૩ ટકાનો ઘટાડો થયો છે. તેની સરખામણીમાં એફઆઈઆઈની એસેટ અન્ડર કસ્ટડીમાં લગભગ ૨૦ ટકાનો ઘટાડો થયો છે. ટકાવારીની દ્રષ્ટિએ જોવામાં આવે તો પોર્ટફોલિયો મૂલ્યમાં ઘટાડાની દ્રષ્ટિએ વિદેશી રોકાણકારો છઠ્ઠા સ્થાને છે. ૨૦૨૫માં સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં ૪.૫ ટકાનો ઘટાડો થયો છે. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૧૪ અને ૧૭ ટકા તૂટ્યા છે.

# હીટવેવથી બચવા શું કરવું અને શું ના કરવું?

## સામના મિરરની શહેરીજનોને અપીલ





### આટલું કરો

- તરસ ના લાગી હોય તો પણ યોગ્ય માત્રામાં પાણી પીવું
- શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ના થાય તે માટે ORS દ્રાવણ અથવા છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ અને નારિયેળ પાણીનો ઉપયોગ કરો
- ઘરની બહાર જતી વખતે માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો
- વજનમાં અને રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરો
- આંખોના રક્ષણ માટે સનગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સનસ્ક્રીન લગાવો
- પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો
- બાળકો, વૃદ્ધો, બિમાર વ્યક્તિ કે વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ "લૂ"ના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે તેમની વિશેષ કાળજી રાખો



### આટલું ના કરો

- શક્ય હોય ત્યાં સુધી બપોરના ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી તડકામાં બહાર ન નીકળવું
- શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણાં જેવા કે ચા, કોફી, સૉફ્ટ ડ્રિંક્સ ના લેવા
- મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠાવાળા આહારનો ઉપયોગ ટાળવો

### લૂ લાગેલ વ્યક્તિની પ્રાથમિક સારવાર

- જો કોઇ વ્યક્તિને લૂ લાગી હોય તો પ્રાથમિક સારવાર માટે ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો
- શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઇ રહે તે માટે ORS દ્રાવણ અથવા લીંબુ પાણી આપો
- લૂ લાગેલ વ્યક્તિને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર પર લઇ જવા
- જો શરીરનું તાપમાન સતત વધતું હોય, માથાનો અસહ્ય દુઃખાવો હોય, નબળાઇ હોય, ઉલટી થતી હોય કે બેભાન થઇ જાય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવવી

ૐકારા

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુન:ઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**દોષ છુપાવવામાં આવે તો તે મોટો થઈ જાય છે અને સ્વીકારી લેવામાં આવે તો ગાયબ થઇ જાય છે.**

**કર્મો પ્રત્યે સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111


Since 2003
RAVI ENGLISH INSTITUTE ®
A/C Class
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
SPOKEN ENGLISH
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Learn English Language with
MONEY BACK GUARANTEE...
અમારી વિશિષ્ટતાઓ...
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષય નું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદીત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી- વિકલી- મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
જીરો (૦) લેવલથી શરૂ કરી અંગ્રેજી નાં વકૃતા બની સર્ટીફીકેટ મેળવવા સુધીની સફર.
આ ઉપરાંત પબ્લીક સ્પીકીંગ, ગ્રુપ ડિસ્કશન, રોલ પ્લેયીંગ, ડિબેટ્સ, ઈન્ટવ્યુ ટેકનિક્સ, કર્સીવ રાઈટીંગ તો ખરૂ જ..
૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી
ત્રણ દિવસ ફ્રિ સેમિનાર
ટુંક સમયમાં નવી સ્પોકન ઇંગ્લીશ બેચીઝ શરૂ...
: હેડ ઓફીસ : Mo.98793 29391
''શ્રી હરિ કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ, ધોળકીયા સ્કુલ સામે, બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ, શેરી નં. ૭ નો ખુણો, રાજકોટ.
: બ્રાન્ચ ઓફીસ : Mo.98245 81306
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, ધોળકીયા સ્કુલ પાસે, સાગર ચોક, શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
Follow us : Ravi English Institute

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના



વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...



મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826



અને જોડાઇ જાવ અમારી સાથે...